SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

MARCH 2005



બાપુનગર - એપ્રોચ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ના આર્શીવચન

પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧
Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



એપ્રોચ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પારાયણના વક્તા મહંત શા.સ્વામી
નિર્ગુણદાસજીને પુષ્પહાર પહેરાવી આશીર્વાદ આપતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



એપ્રોચ મંદિર સભામાં સંતોને ખેસ પહેરાવતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી





શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે વિશાળ સત્સંગ સભામાં દર્શન આપતાં
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને મુખ્ય અતિથિરૂપે પધારેલા માનનીય રાજયપાલ શ્રી નવલકિશોર શર્મા





શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ માર્ચ - ૨૦૦૪



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેશમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિના મુખેથી.....	૫
૪.	પૂ. મહારાજશ્રી દ્વારા મહારાજનો સત્તાવાહી અવાજ	૮
૫.	બાપુનગર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે કથા-પારાયણના વીણેલા મોતી	૧૧
૬.	બ્રહ્મચર્ય શરીરનો સમ્રાટ !	૧૪
૭.	ભક્ત વત્સલ ભગવાન શ્રી સ્વામિનારાયણ	૧૬
૮.	એક અનુપમ પત્ર-નિરૂપણ	૧૮
૯.	વિચાર જો જરા.....	૨૧
૧૦.	ભગવાન પેઠે સેવવા યોગ્ય સંત કેવા હોય ?	૨૨
૧૧.	સત્સંગ સુરભિ વાહ આ પર્વત ખરો !	૨૩
૧૨.	ઘરિયાવદ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ	૨૫
૧૩.	સત્સંગ બાલવાટિકા (૧) મોક્ષની ચાવી ભૂલશો નહી	૨૭
૧૪.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૯

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Visit us : www.swaminarayan.info
E-mail : snndmandir@india.com
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

જીવાત્માને આવો સુંદર મનુષ્યદેહ ભગવાને આપ્યો છે. તે પોતાના આત્માના મોક્ષ માટે ઉપયોગી થાય તેટલા માટે છે. પરંતુ જીવ આ મહામૂલા મનુષ્ય દેહને જગતના નાશવંત વિષયોના ભોગમાં વાપરી નાખે છે. તે જ મોટામાં મોટું આ જીવને અજ્ઞાન છે. શ્રીજી મહારાજે બાંધેલ શિક્ષાપત્રીની મર્યાદામાં રહીને સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણનો દ્રઢ આશ્રય રાખવાથી જીવને આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ થાય છે. તે શ્રીહરિએ પોતાના વચનામૃતમાં સ્પષ્ટપણે વર્ણવેલ છે. આશ્રય વિના મોટા મોટા સાધનોના બળે કરીને પણ વિષયને જીતવા અતિશય અધરા છે. કામ, ક્રોધ, લોભ, મોહ, માયા આ જીવને વારંવાર જન્મ અને મૃત્યુના ફેરામાં ઢસડી જાય છે. આ અંત શત્રુઓએ મોટાને પણ મોક્ષ માર્ગમાંથી પાડ્યા છે. તો આ પામર જીવની તો શું તાકાત કે બચી શકે ! પરંતુ જેને ભગવાન શ્રીહરિના શબ્દો છે કે આ અમે બાથમાં લઈને પધરાવેલા શ્રી નરનારાયણદેવનો આશ્રય હશે તે અવશ્ય અંત શત્રુઓને જીતી જશે. શ્રીહરિએ સ્વયં ગઢડા પ્રથમ પ્રકરણના ૮માં વચનામૃતમાં આ રીતે જ વાત કરી છે. "અને તે શ્રી નરનારાયણદેવની ઉપાસના ને પ્રતાપે કરીને આ બ્રહ્માંડોમાં જેટલી દેવાંગના આદિ સ્ત્રીયો છે. તે સર્વે આવીને સેવામાં હાજર ઉભી રહે અને જેટલાં બ્રહ્માંડોમાં સારા પદાર્થ છે તે સર્વે લાવીને હાજર કરે તોય પણ એ સર્વે મળીને અમને મોહ પમાડવા સમર્થ નથી." આથી શ્રીહરિના વચનો આપણા સૌના માટે છે. જેને આ વચનોમાં વિશ્વાસ છે તેની રક્ષા કરવા વાળા સ્વયં શ્રીહરિ છે. માટે શ્રી નરનારાયણદેવનો જ દ્રઢ આશ્રય રાખીને નિર્ભય થઈને મોક્ષનું સાધન શ્રીહરિની પ્રસન્નતા મેળવી લેવી. એ જ આ મનુષ્ય દેહનું પરમ કર્તવ્ય છે.....

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ફેબ્રુઆરી – ૨૦૦૫)

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર બીલીયા મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આયોજીત શોભાયાત્રામાં પધાર્યા. ત્યાંથી પાટણ ગામે પ.ભ. ધીરજકુમાર કાંતિલાલ ઠક્કરને ત્યાં પધરામણી.

૨. શ્રી સ્વામિનારાયણ મંદિર બીલીયામાં મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.

૩. જામસર (હાલાર મૂળીદેશ) શ્રી હનુમાનજી મંદિરની ખાત વિધિ પ્રસંગે પધરામણી.

૪. શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા શાકોત્સવ પ્રસંગે પધરામણી. ત્યાં પ.ભ. ઈશ્વરલાલ અંબાલાલ ભાવસારને ત્યાં પધરામણી.

૫. પ.ભ. બંસીલાલ હિંમતલાલ બાવડાને ત્યાં પધરામણી, નવરંગપુરા.

૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંદખેડા પારાયણની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે કરી.
શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક શાકોત્સવ પોતાના વરદ્ હસ્તે કર્યો.

૭. શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુળ કલોલ પારાયણ પ્રસંગે પધરામણી.
પ.ભ. લધારામભાઈ પટેલને ત્યાં પધરામણી, સિંગરવા.

૮. શ્રી સ્વામિનારાયણ મંદિર નાગડાવાસ જુના (મૂળીદેશ મોરબી) મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.

૯. શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પધરામણી.

૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર મેડા (કડી) મૂર્તિ પ્રતિષ્ઠા, વિષ્ણુયાગ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયા.
પ.ભ. નરેશભાઈ કનુભાઈ વ્યાસને ત્યાં યજ્ઞોપવિત પ્રસંગે આશીર્વાદ આપવા પધાર્યા, ડ્રાઈવઈન રોડ.
પ.ભ. રાજુભાઈ પ્રહલાદભાઈ ઠક્કરને ત્યાં વાસ્તુપૂજન પ્રસંગે પધરામણી, સેટેલાઈટ.

૧૧. પ.ભ. પ્રવિણભાઈ રતીભાઈ પટેલને ત્યાં કથા પારાયણ પ્રસંગે પધરામણી, કુબડથલ.

૧૨-૧૩. સુખપર (કચ્છ) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.

૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર નાંદોલ (તા. દહેગામ) મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી અને પ.ભ. ચતુરદાસ મોહનદાસ સાણોદને ત્યાં પધરામણી. પ.ભ. મધુભાઈ છગનભાઈ વેકરીયાને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી.

૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ-બાપુનગર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આયોજીત શોભાયાત્રામાં પધરામણી.

૧૬. એપ્રોચ-બાપુનગર શ્રી સ્વામિનારાયણ મંદિર (શિખરબધ્ધ) માં મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.

૧૭. ટોરડા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૮. નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ અને નૂતન (બાઈઓનું) મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.

૧૯-૨૦. ધરિયાવદ (જી. ઉદેપુર રાજ.) શિખર બધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.

૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર મોખાસણ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી. કલોલ શ્રીનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ કરવા પધાર્યા. ભાઉપુરા (કલોલ) ગામે શ્રી દુધેશ્વર મહાદેવની પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.

૨૨. અ.નિ. પ.ભ. પુરુષોત્તમદાસ રામદાસ પટેલ પારાયણ પ્રસંગે પધરામણી, ડાંગરવા.

૨૩. પ.ભ. કાંતિલાલ આત્મારામ સુથારને ત્યાં પધરામણી, નિર્ણયનગર. પ.ભ. યોગેશકુમાર શંકરલાલ પટેલને ત્યાં પધરામણી, રાણીપ.

૨૪. એક હરિભક્તને ત્યાં પધરામણી, મેઘાણીનગર.

૨૫. વાસણા પાલડી અમદાવાદમાં શિખરબધ્ધ મંદિરની ખાત વિધિ પોતાના વરદ્ હસ્તે કરી.

૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર મેઉ પાટોત્સવ અને શાકોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. ઠાકોરલાલ નટવરલાલ સોનીને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી.

૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૮. લુણાવાડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

સર્વે સત્સંગી માત્રને જરૂરી સૂચન

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની બહુજ સ્પષ્ટ પણે પોતાના સર્વે આશ્રિતોને આજ્ઞા છે કે પોતાની આવકમાંથી દશમો ભાગ અથવા વ્યવહારે દુર્બળ હોય તેને વીસમો ભાગ દેશ વિભાગના આધારે પોતે જે દેશવિભાગમાં વસતા હોઈએ તે દેશ વિભાગના દેવને અર્પણ કરવો.

કેળવણી સંસ્થાઓ, ગુરૂકુળો કે મંદિરોના નિર્માણ થતા હોય અથવા કોઈપણ સ્થાનમાં દાન કરવું હોય તો ધર્માદામાં કાપ મૂકીને દાન ન અપાય. દેવનો ધર્માદો અમદાવાદ શ્રી નરનારાયણ દેવની ગાદીના આશ્રિતોએ શ્રીનરનારાયણદેવના કોઠારમાં જ પોતાનો ધર્માદો (રોકડ, અનાજ ઈત્યાદિ) જમા કરાવી પાકી પાવતી મેળવવી જરૂરી છે.

સર્વાવતારી શ્રીહરિની ઈચ્છાથી આપણો સંપ્રદાય દેશ વિદેશમાં બહુ વિસ્તૃત અને વ્યાપક બનતો જાય છે. દાતાઓ ઘણી વખત ક્યાં દાન આપવું, ક્યાં વાસ્તવિક જરૂર છે. ઈત્યાદિથી પુરા સજાગ ન હોવાથી અયોગ્ય જગ્યાએ દાનનો પ્રવાહ વળી જાય છે. માટે દાતાઓને સૂચન છે કે દાન માટે યોગ્ય માર્ગદર્શન પ.પૂ.આચાર્ય મહારાજશ્રી પાસેથી મેળવવાથી જરૂરિયાતવાળા મંદિર, કેળવણી સંસ્થા, ગુરૂકુળ ઈત્યાદિ અંગે દિશા સૂચન મળી શકશે.

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિના મુખેથી.....

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

આપણા કોઈપણ ઉત્સવ સમૈયા હોય કે સભાઓ હોય, આપણા વિદ્વાન સંતો પોતાની વિદ્વતા ભરી વાણીનો પ્રાસંગિક લાભ આપે. આપણું મન ખૂબ પ્રફુલ્લિત થાય, પરંતુ સંતૃપ્તિનો ઓડકાર તો ત્યારે જ આવે, જ્યારે સભાના અંતમાં શ્રીજી મહારાજના અપરસ્વરૂપ અને આપણા સૌના ધર્મગુરુ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પોતાના મુખેથી આશીર્વચનોની અમૃત રૂપી સરવાણી વહાવે..... તો હવે એ અમૃત ગંગાની સરવાણીમાંથી થોડું આચમન કરી તૃપ્ત થઈએ !

(૧) તા. ૨૭-૧-૨૦૦૫ જમીયતપુરા (પ્રભા હનુમાનજી) મંદિર સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે : શાસ્ત્રોની અંદર હનુમાનજી મહારાજને बुद्धिमताम् वरिष्ठम् એવી રીતે સંબોધન કરેલું છે. જગતમાં કહેવાતી બુદ્ધિ ઘણા પાસે હોય છે. પરંતુ જો ભગવાનને અર્થે ન વપરાય તો એ બુદ્ધિ કામ લાગતી નથી. એ જ બુદ્ધિ, એ જ જીવન શ્રેષ્ઠ છે જે ભગવાનને અર્થે કામ લાગે છે. ભગવાનમાં જેટલી પ્રિતી થાય એટલા ભગવાન રહેશે. ભગવાનને લાવવા મહેનત ન કરવી પડે. ભગવાન પોતે આવે છે. આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે હનુમાનજી મહારાજને પધરાવ્યા. હનુમાનજી મહારાજ જો અખંડ ભગવાનને ધારીને સેવામાં રહે છે, તો ભગવાનને આવવુ પડ્યું છે. આજે મહારાજ અહીં બિરાજમાન થયા, તેનું કારણ બિલ્ડીંગ નથી. હનુમાનજી છે.



હનુમાનજી શ્રીજી મહારાજને ખેંચી લાવ્યા છે. આપણે એટલું જ શીખવાનું છે કે આપણું ભજન, ભક્તિ, સેવા યથાર્થ હોય, કોઈ કોમ્પલીકેશન ન હોય તો મહારાજને આવવું પડે છે. મહારાજમાં જેટલો પ્રેમ, જેટલી પ્રીતિ, જેટલી ઓળખ, એ જ જીવનની સાર્થકતા છે. એ જ આપણું ધન, સંપત્તિ છે.

વચનામૃતમાં મોટા યોગાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું કે, હે મહારાજ ! બેસીએ છીએ તો આપની સામે, ભગવાનને વિશે નિષ્ઠા છે. પ્રીતિ છે છતાં કથા સાંભળવામાં મન લાગતું નથી. તેનું શું કારણ છે ? મહારાજ કહે, ભગવાન જેવા છે તેવી ઓળખાણ નથી, માટે મન ચોંટતુ નથી. જગત ના પદાર્થમાં મન ચોંટી જાય છે. ભગવાનની ઓળખાણ થઈ હોય તો જગતના પદાર્થ આડા ન આવે. જેના પ્રાંગણમાં બેઠા છીએ તેમણે કાયમી ભગવાનની સેવા કરી છે. જેટલા અવતારો થયાં, તે બધાંની સેવા કરી છે. હનુમાનજી સેવક છે. ભગવાનની સેવામાં કાયમ તત્પર છે, માટે બેસતાં નથી. સેવાની રાહ જુએ છે. આપણે શીખવાનું એ છે કે મન, કર્મ, વચને મહારાજના થઈએ. ભગવાનની સેવા, પ્રસન્નતા કઈ રીતે પ્રાપ્ત થાય એ શીખવાનું છે, એ જ મૂડી છે, સંપત્તિ છે, ધન છે, બેંક બેલેન્સ છે. એ જ આપણા લોકરો છે. જેટલું ભગવાનને અર્થે થાય, સાચી નિષ્ઠાથી થશે, એટલું કામ આગળ વધશે. દરેક હરિભક્તોએ પોતપોતાની રીતે અહીં સેવા કરી છે. અહીં ઢેફા હતા, લીલું, લીલું થયું છે. ઘનશ્યામ સ્વામીના મંડળે ઢેફામાંથી લીલું કરી નાખ્યું છે. કારણ કે એ મંડળ ખંત વાળું છે અને ભગવાનને આગળ રાખીને જે ચાલશે તે આગળ વધશે તે સનાતન સત્ય છે. ભગવાનની ભજન ભક્તિ આગળ રાખજો. જેટલું પૂજન, અર્ચન સેવા વગેરે મહારાજનું થશે. એટલું મહારાજ આપણું ધ્યાન રાખશે. જગતમાં ટોપલો બાંધીને કોઈ ઉપર

લઈ નથી ગયું. બધા ભાગદોડ કરે છે. ટ્રાવેલીંગમાં એકવાર એરપોર્ટ પર બેઠા ૩, ૪ કલાક કાઢવાની હતી. ત્યારે જોયું તો કોઈને શાંતિ નથી.

એક સાધુ બાવા રાજાના દરબારમાં પહોંચી ગયા. ચોકીદારને કહે મારે આ ધર્મશાળામાં રહેવું છે. ચોકીદાર કહે, આ ગાંડો લાગે છે ! રાજાના મહેલને આ ધર્મશાળા કહે છે ! આને બહાર કાઢી મૂકો. સાધુ બાવો કહે, મારે રહેવું છે. ચોકીદારો આને બહાર કાઢવા ધક્કો મારવા એકત્રિત થયા. રાજા અંદર બેઠા હતા. તેના સુધી વાત પહોંચી. રાજાના હુકમથી ચોકીદારો ગાંડા બાવાને રાજા સુધી લઈ આવ્યા. બાવો રાજાને કહે, મારે અંદર રહેવું છે. રાજા હસવા લાગ્યો, કહે કે આ તો મારો મહેલ છે. બાવો પણ હસવા લાગ્યો. કહે કે તારો મહેલ ? ૧૦ વર્ષ અગાઉ તું આ ગાદી ઉપર હતો ? રાજા કહે, ત્યારે મારા બાપા હતા. તેનું નિધન થયું. હું રાજા થયો. બાવો કહે, ૩૦ વર્ષ પહેલા કોણ હતું ? રાજા કહે, ત્યારે મારા દાદા હતા. તેનું નિધન થયું, ત્યારે મારા બાપા રાજા થયા. બાવો કહે, ૧૦ વર્ષ પછી હું ફરી આવીશ, ત્યારે તું આ ગાદી પર હઈશ ? આ કોઈનું નથી ! ધર્મશાળા છે !!! કોઈ નથી ટકતા. સત્તાનો કાયમ અંત આવે છે. ભગવાન કાયમ છે. આટલું જ સત્ય છે. પોટલા બાંધીને, મહેનત કરીને મરી જાય તો પણ કંઈ નહીં વળે ! ભગવાન મળ્યા, સત્સંગ મળ્યો. એ મૂડી જાળવી રાખવી. સત્સંગથી સદ્‌વિચાર, સંસ્કાર આવે છે. માટે સત્સંગ વધારવો. કુટુંબ, સમાજ, દીકરા, દીકરીઓની અંદર સત્સંગ રેડવો તો બધાં સુખી રહે છે. ભગવાનની ઓળખાણથી જ સુખી થવાય છે. એ જ સાચી સંપત્તિ છે. તો આ સુંદર પર્વ હતું. દાદાની સાનિધ્યમાં મહારાજ એવી સંપત્તિ એકઠી કરવાનું બળ આપે, જે લીલું થયું છે. સંતો સાથે તમારા બધાના યોગદાનથી એ દિનપ્રતિદિન લીલું થતું રહે એવી પ્રાર્થના.

(૨) તા. ૧૬-૨-૨૦૦૫ બાપુનગર એપ્રોચ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે : મહારાજે વચનામૃતની શરૂઆત કરી, એમાં મહારાજે કહ્યું કે, અઘરામાં અઘરી વસ્તુ કઈ ? ભગવાનની મૂર્તિનું અંતરમાં સતત સ્મરણ રાખવું, ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી. તેનાથી કોઈ મોટું કઠણ સાધન નથી. અને તેનાથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી. કરવા લાયક કોઈ વસ્તુ હોય તો ભગવાન સાથે જીવને જોડવો. સીધી સરળ વાત છે. બીજું બધું થાય છે. બાપા, દીકરા, દીકરી, બહેન, ફોઈ, માસા, મામા વગેરે વગેરે. પરંતુ ભગવાન સાથે જીવ જોડાતો નથી. મનુષ્ય જન્મ મળ્યો છે તો આ જન્મે જ દેહનું ભાન ભૂલીને જીવનું કલ્યાણ થાય એવું કરજો. આપણા મોટા ભાગ્ય છે. સત્સંગની અંદર આંખ ઉઘાડીને રહે તો છતાં દેહે ભગવાનનું સુખ, ભગવાનના ધામના સુખની પ્રતિતિ થશે. મહારાજની મૂર્તિ ચિંતામણી તુલ્ય છે. જે જે ચિંતવે તેવી પ્રાપ્તિ થાય છે. કેવું ચિંતવન કરવું એ આપણા હાથમાં છે. ઈન્દ્રિય, અંતઃકરણ, મન એ સીધે સીધા સારા સંકલ્પ નથી કરતું.

એક મુસાફર એક ઘેઘુર વૃક્ષ નીચે સૂતો. આંખમીંચીને ઉઘાડી, વિચાર થયો, ભૂખ લાગી છે. ખાવાનું મળે તો કેવું સારું ! તરત જ જાતજાતના ભોજનના પકવાન આવ્યાં. જમ્યો, પાણી પીધું એટલે થયું કે ગાદી, ગાલ મશુરીયા સાથે ઢોલિયો હોય તો હવે જમ્યો છું એટલે ઊંઘી જવાય. એ વૃક્ષ કલ્પવૃક્ષ હતું. તેથી સંકલ્પ મુજબ સઘળું હાજર થઈ ગયું. ૪-૫ કલાક સુધી આરામ કરીને આંખ ઉઘાડી, સંતૃપ્ત થયો હતો. પરંતુ મનનો સ્વભાવ સંકલ્પ કર્યા વિના રહે નહિ. એટલે થયું કે આ ઝાડની મોટી ડાળ મારા પર પડે તો હું મરી જઉં. એટલામાં એક મોટી ડાળ કડડભૂસ કરતાં પડી અને એ માણસ મરી ગયો. શાકોત્સવની સભામાં પણ અમે વાત કરી હતી, કે આ દિવ્ય સત્સંગમાં પણ જે જેવો ભાવ લઈને આવે છે તેને તેવું સારું નરસું ફળ પ્રાપ્ત થાય છે. સારો સંકલ્પ અનહદ સુખ આપે છે. ખરાબ સંકલ્પ કરવાવાળો દુઃખી થાય છે. કોઈને એમ થાય કે આ સત્સંગમાં તો આવું છે ને તેવું છે, પડવા જેવું નથી. તો તેને એવું રહે છે. ભગવાન સુધી પહોંચવામાં સત્સંગ કરવો. ભક્તિ કરવી એ વ્યક્તિગત છે. સત્સંગના ભીડામાં રહેવાથી નબળું અંગ મજૂબત થાય છે. કોઈને માળા કરતા જોઈએ, ભજન કરતા જોઈએ, સેવા કરતા જોઈએ, એટલે આપણને પણ તેવી સેવા ભક્તિ કરવાનું મન વધે છે. મહારાજે શાસ્ત્રો આપ્યા,

નરનારાયણદેવ આપ્યા, મંદિરો આપ્યા, આવો સત્સંગ આપ્યો છતાં હવે આપણે નબળા રહીએ તો ઉણપ આપણી છે. મહારાજની નથી. બાપ છોકરાનું પ્રથમ ધ્યાન રાખે, પછી મોટા થાય એટલે છૂટો મૂકી દે. પછી દીકરાએ બાપનું ધ્યાન રાખવાનું હોય છે. એમ મહારાજે આપણું ધ્યન રાખવામાં કંઈ બાકી નથી રાખ્યું. દાતણ કેમ કરવું એવું પણ શીખવાડ્યું. હવે આપણે મહારાજનું ધ્યાન રાખવાનું છે. હવે જવાબદારી આપણી થાય છે. મહારાજને બિરાજમાન કર્યા, તેની સંભાળ લેવાની છે. કથા શ્રવણ કરી એટલે પુરું થઈ નથી જતું. શરૂઆત થાય છે. હર હમેશા ભગવાન પ્રત્યે ધ્યાન રાખવું, અહોપણું દિવ્યપણું રાખવું, આ મૂર્તિ અને ધામની મૂર્તિમાં ફેર જાણે તેને સત્સંગ થયો જ નથી. મંદિરની મૂર્તિમાં ઓછપ જણાય, ફેર જણાય, જૂદાપણું જણાય તેને સત્સંગ ઉગતો નથી. હિણપ રહ્યા કરે છે. મૂર્તિ એ ધામનું સ્વરૂપ છે. એમાં કાંઈ ફેર નથી. એવું જાણીને દર્શન વગેરે કરે તો તેનું જીવન સાર્થક છે. અહીં આટલું બધું આયોજન હતું. તેમાં હેતુ છે. તેનાથી જાગૃતિ આવે છે. દેહ જ્યારે જાગૃત થાય ત્યારે તેમાં રહેલો જીવ પણ જાગૃત થાય છે. દેહને જેમ ભોજનની જરૂર પડે છે. તેમ જીવને પણ ભજનની જરૂર પડે છે. ભજન જીવનો ખોરાક છે. દેહ સાથે આત્માને જગાડી લક્ષ સાધવું. દેહ તથા જીવને પોતપોતાનો ખોરાક ન મળે તો બન્ને દુર્બળ થાય છે. તીરથ કરવું, ટપકા કરવા કે નાચવું તે માત્ર જો શરીરથી જ થાય તો આડંબર બને છે, દંભ બને છે. ષષ્ઠીપૂર્તિ હોય કે શતામૃત મહોત્સવ હોય કે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ હોય એ ઉત્સવો કરવાની માણસની તાકાત નથી. સંશોધન કરો, કોણ કરે છે આ ઉત્સવો ? મહારાજ આવા ઉત્સવોમાં સાક્ષાત્ હાજર રહી આપણને માર્ગ દર્શન પુરું પાડે છે. મહારાજ પોતે પોતાના ઉત્સવોનું તથા હરિભક્તોનું ધ્યાન રાખવા સાક્ષાત્ હાજર રહેતા હોય તો મૂર્તિમાં કેમ ન હોય !! માટે ભજન, ભક્તિ, સ્મરણ કરીને મહારાજને રાજી કરી લેવા. મહેનત કરીએ તો મહારાજ પ્રસન્ન થાય. લાખ વર્ષે કે કરોડ જન્મે પણ આવી સમજણ કેળવ્યા વિના છૂટકો નથી. તો હવે શું કરવા ગોથા ખાવા ? હરહંમેશ નરનારાયણદેવના આશ્રયમાં રહી જીવનું કલ્યાણ કરીએ. મહારાજ આપ સૌનું હિત કરે, સુખિયા કરે તેવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

ખાત મુહૂર્ત સમારોહ

શ્રી નરનારાયણદેવ ગાદીના નિવૃત્ત આચાર્યશ્રી તથા શ્રી સ્વામિનારાયણ ભગવાનના છઠ્ઠા વંશજ પ.પૂ.ધ.ધુ.આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ મંગળ સંકલ્પ એટલે "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ"

શ્રીજી મહારાજના વપરાશમાં લેવાયેલ પ્રસાદીની વસ્તુઓની વૈજ્ઞાનિક પધ્ધતિથી જાળવણી થાય અને સમગ્ર સત્સંગને તેના દિવ્ય દર્શનનું અલૌકિક સુખ પ્રાપ્ત થાય.(જેમાં સર્વાવતારી સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણના હસ્તાક્ષર તથા સહીવાળા પત્રનો પણ સમાવેશ થાય છે.) તે હેતુથી "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ"ના આયોજન તથા નિર્માણની કાર્યવાહી પુરજોશમાં ચાલી રહેલ છે.

પોતાના પિતાશ્રીનો શુભસંકલ્પ પરિપૂર્ણ કરવા કટિબધ્ધ વર્તમાન આચાર્ય મહારાજશ્રી પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અનન્ય ઉત્સાહ જે આયોજનના પાયામાં છે, તથા સમગ્ર સંપ્રદાયના સંતો હરિભક્તોની શુભેચ્છાઓ અને સહકારથી જે સાકાર થવાનું છે, તે મ્યુઝિયમનું ખાતમુર્હૂત શ્રી નરનારાયણદેવના પાટોત્સવ - ફાગણ સુદ-૩ તા. ૧૩-૩-૨૦૦૫ના રોજ સર્વાવતારી શ્રી હરિના ૮મા વંશજ પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજના કોમળ કરકમળો દ્વારા રાખવામાં આવ્યું છે. સર્વે સત્સંગી હરિભક્તોને આ શુભમંગળ પ્રસંગે ઉપસ્થિત રહેવા અમારું ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ.

સમય : સવારે ૧૧-૦૦ કલાકે

સ્થળ: શ્રી સ્વામિનાયણ મ્યુઝિયમ, ટર્ફ સ્કુલની સામે, નારણપુરા, અમદાવાદ-૧૩ ફોનઃ- ૨૭૪૧ ૯૫૯૭, ૨૭૪૯ ૯૫૯૭

પૂ. મહારાજશ્રી દ્વારા મહારાજનો સત્તાવાહી અવાજ

– ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી–બાપુનગર)

વ્હાલા વંદનીય ભક્તજનો ! જીવના સાચા સંગાથીઓ !! શ્રીનરનારાયણદેવ દેશ ગાદી અભિષેક વિશેષાંકમાં કલ્પના બહારનું બધું સારુ સારુ વાંચવાં મળ્યું. આપણા સદ્ગ્રંથોમાં તો મહારાજના અગાધ દિવ્ય તથા માનુષી લીલા ચરિત્રનું વાંચન, મનન તથા શ્રવણ કરીને ભાવ સમાધિમાં ડૂબી જ જવાય છે. પરંતુ એ જ મહારાજ હાલના પ્રવર્તમાન સમયે દેવ-આચાર્ય સ્વરૂપે જે લીલાઓ કરી રહ્યા છે. જે કાર્યો કરી રહ્યા છે. તે તો માત્ર આ સ્વામિનારાયણ માસિક દ્વારા જ વાંચન કરી શકાય છે. દેવ-આચાર્યમાં પ્રત્યક્ષ પણાની જેને જેટલી પ્રતીતિ, જેને જેટલી ભાવના તેટલું શ્રીજી મહારાજ તે જીવાત્માને સુખ આપે છે. રામચંદ્રજી ભગવાન વખતે, શ્રીકૃષ્ણના સમયે કે આજથી ફક્ત સવા બસો વર્ષ પૂર્વે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના કાળમાં આ પૃથ્વી ઉપર કરોડો મનુષ્યો હતા. પરંતુ જે તે સમયે જે મનુષ્યોએ એ સ્વરૂપને જેટલા ઓળખ્યા તેટલું સુખ તેમને મળ્યું. એટલું જ નહીં પરંતુ અંત કાળે યમયાતના અને લખ ચોર્યાશીના ભયંકર ચક્કરમાંથી પણ કાયમને માટે છૂટી ગયા. બાકીના મનુષ્યો એ સમયે પણ કોઈ કાયમ ખેતર ખેડતા રહ્યા, કોઈ નોકરી કરતા રહ્યા, કોઈ વેપાર-ઉદ્યોગ ધંધો કરતા રહ્યા, તેમાંથી ટાઈમ મળે તો કુસંગ કરતા રહ્યા. પરંતુ મહારાજના સ્વરૂપોને ભગવાન માનીને એકવાર પણ દર્શન કરવા માટે પગ ઉપાડ્યા નહિ અને સદાયને માટે જન્મ-મરણની ભવાટવીમાં ભટકી પડ્યા.

શ્રીજીમહારાજે આ પૃથ્વી પર પધારી એટલું અદ્ભૂત કાર્ય કર્યું છે કે તે લખવા માટે આ નાની સરખી કલમનું શું ગજું !! મહારાજ એવા દયાળુ કે મહારાજને મનમાં એવું થયું કે આ પૃથ્વી ઉપરનો કોઈ મુમુક્ષુ મનુષ્ય મોક્ષ મેળવવાની તક (ચાન્સ) વિનાનો કોરેકોરો મરી જવો ન જોઈએ. તે માટે તેઓ આ પૃથ્વી રહેશે ત્યાં સુધી પોતે સ્થાપેલ સત્સંગમાં દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્ર સ્વરૂપે પ્રત્યક્ષ બિરાજશે અને ખપવાળા મુમુક્ષુજનનું કલ્યાણ કરશે એવી અજોડ વ્યવસ્થા કરતા ગયાં !!!! કળિયુગના મનુષ્યનું વાક્ય છે કે "સમય નથી." અરે ભાઈ તારી પાસે સમય તો પુષ્કળ છે. પરંતુ તારે મોક્ષનો ખપ નથી. અને તારે જો મોક્ષનો ખપ ન હોય તો મહારાજને પણ તારા માટે ક્યા ટાઈમ છે ? પોતે અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ છે. તું એક ડગલું ભર તો મહારાજ તારી સામે હજાર ડગલા ભરે ! પરંતુ તારે જો લાંબા ગાળાનું સુખ ન જોઈતું હોય, અને હમણાં અહીં સારુ ફાવી ગયું હોય તો મહારાજ તને શું કરવા ડિસ્ટર્બ કરે ? મહારાજે તો પોતાના ભક્તજનોના સુખ માટે આ સત્સંગરૂપી બગીઓ ખીલાવ્યો છે ! કાંટા વિનાના ઝાડ માટે આ બગીઓ છે.

હવે મૂળ વાત પર આવું ! સંતોએ અને નિષ્ઠાવાન ભક્તોએ અગાઉ ના વિશેષાંકમાં આપણા પ.પૂ. મહારાજશ્રી વિશેની પોતાની અંગત અનુભૂતિઓ ખૂબ ખૂબ લખી. મેં તો ફક્ત અમૃતવાણી લખી, એટલે વિશેષાંક વાંચ્યા પછી મને અસંતોષ થયો કે અમૂક અંગત અનુભૂતિ અંકમાં ન લખાય એવા થોડા ડરના કારણે લખ્યું નહિ. પરંતુ અન્ય લેખકોની અનુભૂતિ વાંચીને લખવાની હિંમત ખૂલી, તેથી હવે લખું છું.

ઈ.સ. ૨૦૦૨ની સાલનો ભાદરવો મહિનો હતો. શરદ ઋતુ એટલે રોગની સીઝન મારા ધર્મ પત્નિને એક વહેલી સવારે સ્વપ્ન આવ્યું કે હું ધામમાં ગયો. સવારે ઉઠીને તેણે મને આ સ્વપ્નની વાત કરી. મને મનમાં થયું કે હાલમાં તો શરીરને એવી કોઈ તકલીફ નથી, પરંતુ કદાચ સ્વપ્ન સાચું પડવા બે-ચાર દિવસ બાદ શરીરને કોઈ તકલીફ થાય. ત્યાર પછી સતત ૨-૪ રાત્રીએ મને સ્વપ્નમાં પ.પૂ. મહારાજશ્રીનું તથા મારા પત્નિને પ.પૂ. મહારાજશ્રી સાથે લક્ષ્મી સ્વરૂપ પ.પૂ. ગાદીવાળાશ્રીનું સ્વપ્નમાં દર્શન થયું. પછી તુરત જ મારા શરીરમાં તાવ ઉધરસ વગેરે માંદગીના ચિન્હો જણાયા. માંદગી વધારે લાગી એટલે ડૉકટરને

દેખાડ્યું. ઈન્વેસ્ટીગેશન (એકસરે લોહી વગેરે પરિક્ષણ)ના આધારે મોટી માંદગીનું નિદાન થયું. ૧૯૯૨માં પણ આ જ માંદગી આવેલી. તે વખતે પણ માંદગી ગંભીર હોવા છતાં મેડીકલ ટ્રીટમેન્ટની સાથે અખંડ 'સ્વામિનારાયણ' મહામંત્રના જપથી સ્મરણથી માંદગી કાબુમાં આવેલી. આ વખતે પણ માંદગી ગંભીર સ્વરૂપ લઈને આવેલી. ટ્રીટમેન્ટ શરૂ કરી. જોત જોતામાં શરીર બિલકુલ અશક્ત બન્યું. બોલવાની શક્તિ ન રહી. એક દંડો શ્વાસ ચાલવા લાગ્યો. સ્વપ્ર સાચું પડવાની ઘડી આવી એવી પ્રતીતિ થઈ ત્યારે ના છૂટકે છેલ્લી ઘડીએ મારા ભાઈ અને એક અંગત મિત્રને ત્રૂટક અવાજે ગંભીરતાની વાત કરી. મારાભાઈને કહ્યું કે રાત્રે તું ગામડે આપણા ઘરના સભ્યોને ટેલિફોનથી માંદગીની વાત કરી દેજે અને જો સવાર સુધી જીવું તો છેલ્લી એક ઈચ્છા એવી છે કે હજું પણ એકવાર દેહ છોડતા પહેલા કાલુપુર મંદિરે નરનારાયણદેવ અને પૂ. મહારાજશ્રીના દર્શન કરી લઉ. હૃદયના એક ખૂણામાં એવી ભાવના પણ ખરી કે પ.પૂ. મહારાજશ્રીના દર્શન કરવા જઈશ. એટલે થોડી વાત કરીશ, એટલે કંઈક વિશિષ્ટ આશીર્વાદ પણ મળશે.

સવાર થયું એટલે મારા ભાઈ અને મિત્ર સાથે નરનારાયણદેવના દર્શન કરીને પ.પૂ. મહારાજશ્રીની બેઠકે દર્શન કરવા ગયા. દર્શન કરી મેં થોડી સ્વપ્રની વાત કરવાની શરૂઆત કરી એટલે પૂ. મહારાજશ્રી આખી વાત પામી ગયા અને તુરત જ આશીર્વાદની મુદ્રામાં હાથ ઊંચો કરી શ્રીજી મહારાજના સત્તાવાહી અવાજમાં બોલ્યા કે ચિંતા ન કરશો, તમારું આયુષ્ય લંબાઈ ગયું !!! એ સમયે એવી દિવ્ય અનુભૂતિ થઈ કે જાણે શ્રીજી મહારાજ બોલ્યા ને શું !!

અમે એમાં એ છે અમ માંઈ રે, એમ સમજો સહુ બાઈ ભાઈ રે...

બોલો, ભગવાન ક્યાંય ખોળવા જવા પડે તેમ છે ? નિષ્કપટ થઈને મન અર્પો એટલી વાર !

મેં કહ્યું બાપજી ! એ તો શ્રીજી મહારાજનો કાયદો છે. હું તો મારી પાછળનાને ધૈર્ય મળે તેવા આશીર્વાદથી આશાએ આવ્યો હતો. ત્યારે વળી પૂ. મહારાજશ્રી બોલ્યા કે, ના, ના એવું ના બોલશો, ફરી કહીએ તમારું આયુષ્ય લંબાય ગયું, તમારી પાસેથી હજુ સત્સંગનું ઘણું કામ લેવાનું બાકી છે. ટ્રીટમેન્ટ કરજો. તમારી તબિયતના સમાચાર થોડા થોડા દિવસે જણાવતા રહેશો. મેં કહ્યું બાપજી ! આપ ટ્રીટમેન્ટની વાત કરો છો. પરંતુ મારા પેટમાં ગોળી તો કોઈ રહેતી નથી. આખે આખી ગોળી કોગળા દ્વારા (નાના પ્રકાની ઉલ્ટી) બહાર આવે છે. ખૂબ ઓછું બોલવાનો જેઓશ્રીનો સ્વભાવ છે, તે રૂએ પૂ. મહારાજશ્રીએ હવે કંઈ બોલ્યા વિના મૂક આશીર્વાદ આપ્યા. અમે ઘેર આવ્યા. રોગના તમામ ચિન્હો ગાયબ ! ગોળી પેટમાં રહેવા લાગી ! ૨૦ દિવસ સારું રહ્યું. ફરી શરીર તૂટી જાય તેવો સતત ૧૨ દિવસ ભારે તાવ આવ્યો. ત્યારે પૂ. મહારાજશ્રીએ કહેલું કે તમારી તબિયતના સમાચાર થોડા થોડા દિવસે જણાવતા રહેજો. એ આજ્ઞાનું અનુસંધાન રાખી ફરી મંદિરે દર્શન કર્યા અને કહ્યું કે બાપજી ! ૧૨ દિવસથી તાવ ઉતરતો નથી. શરીર તોડી નાંખે એવો તાવ આવે છે. ત્યારે પૂ. મહારાજશ્રી બોલ્યા કે "એમ ! દવા નિયમિત ? ક્યા ડૉકટર છે ? શાલીગ્રામ ભગવાનના અભિષેકનું જળ નિયમિત ?" હા બાપજી, બહુ નિયમિત! "સારુ." કહી એજ મૂક આશીર્વાદ ! ઘેર આવ્યા, તાવ તુરત જ પલાયન થઈ ગયો. ૨ મહિના બાદ નૂતન વર્ષની વહેલી સવારે દર્શન કરી પૂ. મહારાજશ્રીને વાત કરી કે બાપજી, બધાં રિપોર્ટ નોર્મલ ! એમ ! બહુઆનંદ થયો. બાપજી, આપે કહેલું કે તમારી પાસેથી સત્સંગનું ઘણું કામ લેવાનું બાકી છે, કંઈ વિશેષ સેવા હોય તો બતાવો." તમે લેખ લખો છો એ જ તમારી સેવા. એમાં બેઠા બેઠા લખવાનું હોય તેથી કંઈ વધારે થાક ન લાગે !"

આ પરચો જેને ધર્મવંશી આચાર્યશ્રીમાં શ્રીજી મહારાજના પ્રત્યક્ષ પણાની પ્રતિતી છે. તેના સુખ માટે લખ્યો છે. બાકી સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં કહું તો 'જેવું જે ચિંતવે જે વારે, થાય તેવાનું તેવું જ ત્યારે !'

શ્રીજી મહારાજ પોતે દેવ આચાર્ય સ્વરૂપે થઈને આજે પણ અનંત પરચાઓ, અનંત લીલાઓ કરે છે. તેની આ દિશ માત્ર લખી છે. સ્વામિનારાયણ ભગવાને બ્રહ્માનંદ સ્વામી, પાર્ષદ વીર

ભગુજી વગેરેનું આયુષ્ય લંબાવેલું. ભગવાન કે ભગવાનના સ્વરૂપ કે ભગવાન જેવા હોય તેનાથી વિધિના લેખની માથે મેખ મરાય ! હવેથી નરનારાયણદેવ પીઠ સ્થાનેથી શ્રીજી મહારાજ પ.પૂ. કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સ્વરૂપે આપણને સુખ આપવા ઉતાવળા બન્યા છે. માત્ર જરૂર છે આપણી પાત્રતાની !

નિષ્કુળાનંદ સ્વામીની કલમે તો અગાઉનાં અંકોમાં લેખકો એ ધર્મકુળ મહિમા ખૂબ ખૂબ લખ્યો, પરંતુ આ લેખમાં શ્રીજીમહારાજે જેમને 'સત્સંગની મા' કહીને બિરદાવ્યા છે. તેવા મહાન મુક્તરાજ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીની કલમે ધર્મકુળનો મહિમા લખુ તો.....

ધર્મવંશ જશ અતિ સુખંકારી,
સુનત પુનિત હોત નરનારી,
ધર્મવંશી કે શરણ જો આવે,
સો નિજ કુટુંબ સહિત તરી જાવે.
પુરુષોત્તમ શ્રીકૃષ્ણ મુરારી,
તેહિ રિક્ષત પ્રભુ ભવભયહારી,
ધર્મવંશ કે વિપ્ર હે જોઈ,
પ્રાકૃત મનુષ્ય સમ નહિ સોઈ
ધર્મવૃદ્ધિ હિત દ્વિજ ભયે દેવા,
કરન શ્રીકૃષ્ણ દેવ કી સેવા,
મુક્તાનંદ કે પ્રભુ સુખદાતા,
ધર્મવંશ કિયો અતિ વિખ્યાતા
ધર્મવંશી કે શરણ જો આવે,
પાપી જીવ પુનિત હોઈ જાવે,
જબ શરણાગત હોવત જંતા,
તાહિ મિલાવત શ્રી ભગવંતા

રીઝે તેને શ્રીહરિ, જેને ધર્મકુળમાં હેત, તે ધર્મમાં રહી ભજે, ભવ તરે કુટુંબ સમેત. તે માટે એ ધર્મકુળના, આશ્રિત જે કોય થાય અંત સમયે શ્રીકૃષ્ણ તેની, કરશો આપ સહાય. અતિ વિકટ જમત્રાસથી, મુકાવશે ભગવાન, અંત સમે શ્રીકૃષ્ણ પોતે, દેશે દર્શન દાન. તેમજ સંસૃતિ ચક્રથી, મુકાવશે વ્રજ ચંદ, તે ભક્તને નિજધામમાં, પોંચાડશે સુખકંદ. એજ અમારા વચનનો, દ્રઢ રાખજો વિશ્વાસ, મુક્તાનંદનો પ્રભુ કહે, તમે અતિ અચલ હરિદાસ.

કડવું ૧૨૮ ધર્માખ્યાનમ્, મુક્તાનંદ કાવ્યમ્

ઈષ્ટદેવ પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનના વચનની કિંમત છે. પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને શ્રીજી મહારાજે સત્સંગનું કરેલું બંધારણ કેટલું વહાલું છે. તેની એક સાંભળેલી બહુ રમુજી વાત છેલ્લે લખી દઉં. એકાદ વર્ષ પહેલા બાપુનગર રોડ પર પ.પૂ. મહારાજશ્રી એક ભક્તને ઘેર પધરામણીએ પધાર્યા. પધરામણીનો નિયત કાર્યક્રમ પૂરો થયો એટલે પધરામણીના નિયત આગેવાન હરિભક્ત કહે, બાપજી ! આ રૂમમાં આપના પગલા પાડોને, આમને કંઈક નડતર જેવું છે. ત્યારે તે રૂમની દિવાલ પર વિમુખોના ફોટાઓ જોઈને પૂ. મહારાજશ્રી પેલા આગેવાન ભક્તને કહે કે, તમે આ હરિભક્તની દિવાલ ચોખ્ખી કરાવો એટલે નડતર આપો આપ દૂર થઈ જશે !!!

શ્રીજી મહારાજના અપર સ્વરૂપના એક વાક્યનું વિવેચન કરીએતો હજાર વાક્યમાં થાય તેટલો ગૂઢાર્થ ભર્યો હોય છે. આ ગૂઢાર્થ જો સમજાય તો આ અંકના કોઈપણ વાચકના ઘેર કે સિંહાસનમાં કે ઓફીસમાં અપશુકનનુ દર્શન ન થાય !!!

નિવૃત્તિ માં પ્રવૃત્તિ

સમગ્ર સત્સંગ જાણે છે કે આપણા નિવૃત **પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** એ પોતાના નિવૃત્તિકાળ દરમ્યાનનો સંપૂર્ણ સમય પોતાના શુભ મંગળ સંકલ્પ સમા આપણા સંપ્રદાયના અદ્વિતિય આયોજન **'શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ'** (નૂતન નિર્માણાધિન)ના નિર્માણ અને સંચાલનમાંજ વ્યસ્ત રહેશે. આ આયોજન ઝડપથી આગળ વધી રહ્યું છે.


જેથી હવે પ.પૂ. મોટા મહારાજશ્રી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના સ્થળ પરની પોતાની ઓફિસમાં બિરાજશે. સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમ્યાન ત્યાં દર્શન કરવા આવી શકાશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
ટર્ફ સ્કુલની સામે, એ.ઈ.સી. નારાયણપુરા પાછળ,
નારાયણપુરા અમદાવાદ-૧૩.
ફોન : ૨૭૪૧૯૫૯૭ ● ટેલી-ફેક્સ : ૨૭૪૯૯૫૯૭.

બાપુનગર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે કથા-પારાયણના વીણેલા મોતી

વક્તા : પ.પૂ. સદ્. શાસ્ત્રી સ્વામી શ્રી નિર્ગુણદાસજી

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



ભગવાનને શરણે જાય છે તેને મૃત્યુનો ભય રહેતો નથી. જેને સુખ જોઈતું હોય, શાંતિ જોઈતી હોય, જન્મ મરણમાંથી છૂટી અંતે ભગવાનના ધામમાં જવું હોય તેણે અશરણ શરણ એવા પુરુષોત્તમ નારાયણ ભગવાનના શરણમાં નિષ્કપટ થઈને જવું અને તે પરમાત્માની આરાધના કરવી.

અનીતિનું, અણહકનું દ્રવ્ય ઘરમાં હોય, ત્યાં સુધી તે વ્યક્તિ પરમાત્મા સુધી પહોંચી શકતો નથી. ત્યાં સુધી સારા વિચારો આવતા નથી. રસ્તેથી મળેલું ધન પણ અણહકનું ગણવામાં આવે છે. પરમાત્માએ માંગેલો દશમો વીસમો ભાગ એ પણ જીવના હકનો નથી. પરમાત્માના હકનો છે. ધર્માદો એ પુણ્ય નથી કહેવાતું, દાન નથી કહેવાતું. પરમાત્માના થાળને ધર્માદો ન કહેવાય, તો તે વ્યવહારમાં ચાંદલો કરીએ તેના જેવુ છે. દશાંસ વિશાંસ કાઢ્યા વિનાનું દાન ડહોળા જળના ઘડા જેવું દેખાય. સ્વચ્છ ગંગાજળ જેવું ન દેખાય. સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિતને જે દેશમાં રહેતા હોઈએ તે દેશમાં નરનારાયણદેવ અથવા લક્ષ્મીનારાયણ દેવના ઉંબરે ધર્માદો કરવા આપવાની આજ્ઞા કરી છે. ધર્માદો કાઢ્યા પછીનું શુદ્ધ દ્રવ્ય પોતાના હકનું ગણાય. પોતાની કમાણીનો પોતાના હકનો એક પણ કણ પરમાત્માને આપે, અર્પણ કરીને પછી તેનો ભોગ કરે તો અમૃત બની જાય. દશમો વિસમો ભાગ પોતાના ઘરમાં વાપરી નાંખે તો અન્ન અને દાંતને વેર થાય. ધર્માદો કાઢવો એ તો ફરજ છે. લોભ છોડીને ધર્માદો કાઢવામાં આવે તેમજ વધેલ શુદ્ધ દ્રવ્યથી સત્કર્મ કરવામાં આવે તો અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. પારકું ધન પોતાના ઘરમાં પેસવા ન દેવું. થાપણ રૂપે પણ ન પેસવા દેવું. અણહકનું, પારકું દ્રવ્ય ઘરમાં આવશે એટલે હેરાન હેરાન કરી મૂકશે. કામ ન કર્યું હોય, મામાનો કે માસાનો વારસો તે પણ અણહકનું ગણાય છે. આવું ધન મંદિરે પહોંચાડી દેવું. શતાનંદ સ્વામીએ ગરીબની વ્યાખ્યા કરતા કહ્યું છે કે જેની પાસે પહેરવા જ જોડીથી વધારે કપડા ન હોય તેમજ જેને માત્ર બે ટંક જ ખાવા મળતું હોય, ત્રણ ટંક ખાવા ન મળતું હોય તેની વિશાંસ ધર્માદો કાઢવો, તે સિવાયના તમામે દશાંસ ધર્માદો કાઢવો.

જ્ઞાન બધું મેળવ્યું હોય, પરંતુ ગુરુ ન કર્યા હોય તો ત્યાં સુધી તેને ભગવાન કોણ ઓળખાવે ? ગુરુ એવા શોધવા જોઈએ જે સમર્થ હોય, જે ભગવાનને ઓળખાવે. વ્યવહારમાં જોડે, માયામાં જોડે, પોતાનામાં જોડે એવા ગુરુથી કોઈનું કલ્યાણ ન થાય. તેવા ગુરુઓનો

તો જગતમાં પાર નથી. સત્સંગ સિવાય ભગવાન ઓળખી શકાતા નથી. મનુષ્યને જે તે દેશમાં જવા માટે જેમ જે તે દેશના વીઝાની જરૂર પડે છે. તેમ ભગવાનના જે તે ધામમાં જવા માટે ભગવાનના જે તે સ્વરૂપને ઓળખીને તે સ્વરૂપની ભક્તિ ઉપાસના સિદ્ધ કરવી પડે. સર્વોપરિ અક્ષરધામમાં જવા માટે સર્વોપરિ પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરવી પડે. ભગવાન રાજી કેમ થાય. એટલું જો આવડી જાય તો કંઈ કરવાનું બાકી રહેતું નથી. ભગવાનની જેના પર કૃપા થાય, ભગવાન જેના પર રાજી થાય તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે. મોક્ષ મેળવવા, ભજન કરવું એમાં કેવળ પોતાનો સ્વાર્થ છે. ભગવાન કે સાધુ મહાત્મા કોઈનો સ્વાર્થ નથી.

જગતના જીવને રાજી કરવો હોય તો આકાશ પાતાળ એક કરીએ તો પણ તે રાજી ન થાય. જીવનો એવો સ્વભાવ છે. ભગવાનને રાજી કરીએ એટલે આખી દુનિયા રાજી થાય.

મારાપણાંની આસક્તિ થાય એટલે તપ ચાલ્યું જાય, વૈરાગ્ય, ચાલ્યો જાય, મમત્વ છૂટે એટલે દેહાશક્તિ છૂટે.

જગતની એવી કોઈ તાકાત નથી કે ભગવાનના ભક્તને પરેશાન કરી શકે. કાળ, કર્મ, માયાનો પણ તેના પર ભાર નથી. ભક્તને ભગવાનની આજ્ઞા જેટલી લોપે તેટલું દુઃખ આવે અને આજ્ઞા પાળે તેટલું સુખ આવે. શરીરનું ગમે તેટલું પોષણ કર્યું હોય, પરંતુ આત્મા બળવાન ન બનાવ્યો હોય તો સુખ મળતું નથી.

સ્વાર્થી માણસો હોય તે બધાનાં વખાણ કરતો ફરે, વખાણ અને પ્રશંસાથી જે ફુલાય તેનું માનવું કે તે ખાડામાં પડવાનો.

જેના કપાળમાં ભગવાનનું ચિન્હ ન હોય, તાવડી જેવું કોરું કપાળ હોય, જેના મુખમાં ભગવાનનું નામ ન હોય, મુખમાં કોઈ દિવસ ષડક્ષરી મંત્ર ન હોય, ભગવાન સમક્ષ જેણે ક્યારેક હાથ ન જોડ્યા હોય, ગળામાં કંઠી ન હોય તેનાથી મોટું કોઈ અપશુકન નથી. બિલાડી જેવા પ્રાણીઓ તો બિચારા નિર્દોષ છે. તેનાથી શું અપશુકન થાય ! કપાળમાં તિલક ચાંદલો હોય તો કપાળ કેવું શોભે ! ગર્ભમાં બાળક જ્યારે હોય, ત્યારે મા જેવા વિચાર કરે, જેવું ખાય, જેવું આચરણ કરે, તેવા બાળકનો જન્મ થાય. માતા પિતા જો સાવધાન હોય તો બાળક સદ્‌ગુણી થાય.

ભજન કરવા જેવા તો એક ભગવાન છે. તેનું ભજન કરવું, બીજાનું ભજન ન થાય. જીવની રક્ષા કરે તેવા એક ભગવાન છે. ભગવાનની ઈચ્છા વિના કોઈનાથી એક પાંદડું પણ હલતું નથી. જેના રક્ષક ભગવાન હોય તેનો કોઈ વાળ વાંકો કરી શકે નહિ.

સંત પુરુષોએ વરદાન આપ્યું હોય, આશીર્વાદ આપ્યા હોય, પરંતુ તે કોઈ ભગવાનના નિર્દોષ ભકતનો દ્રોહ કરે તો તે આશીર્વાદ નિષ્ફળ થઈ જાય છે. ભગવાનને પોતાનો ભક્ત એટલો વહાલો છે કે, ભગવાન સ્વયં કહે છે કે મારો આ હાથ પણ જો મારા ભક્તનો દ્રોહ કરે તો હું મારો હાથ પણ કાપીને ફેંકી દઉં. તો બીજાની શી વાત કરવી !

સંસાર સાગરનું જ્યાં મંથન થાય એટલે કલેશ નામના વિષની ઉત્પત્તિ થાય. કલેશને બહાર કાઢવામાં આવે તો કુટુંબ ખેદાન મેદાન થાય અને જો અંદર ઉતારી દે તો પોતાનો નાશ થાય. શિવજીએ જેમ સમુદ્રમંથનમાંથી નિકળેલું વિષ પોતાના કંઠમાં ધારણ કર્યું, તેમ ગૃહસ્થે સંસાર ક્લેશને કંઠમાં રાખવો.

પૈસો જોઈને મિત્ર બનવા આવે, સગા થવા આવે, એનું નામ દાનવ. કોઈ સત્કર્મ કરતો હોય, દાન કરતો હોય, તેમાં આડો આવે, તે બીજા જન્મે કે આ જન્મે આંધળો થાય કે એક આંખ જતી રહે, શુકાચાર્ય જેવી દશા થાય.

કોઈને ધનનું, શક્તિનું, સંપત્તિનું, જ્ઞાતિનું, વિદ્યાનું, જ્ઞાનનું વૈરાગ્ય કે સત્તાનું એમ કોઈપણ પ્રકારનું માન, અભિમાન હોય તેવા મનુષ્યો ભગવાનને ગમતા નથી. અભિમાનીનું પરમાત્મા છપ્પન ભોગના થાળ હોય તો પણ સ્વીકારતા નથી. સામું પણ જોતા નથી. અભિમાનીનું અન્ન પરમાત્માની દ્રષ્ટિમાં દુર્ગંધ મારે છે. જ્યાં પ્રેમ, શ્રધ્ધા, ભક્તિ હોય તેના આપેલા પાંડદા, મૂળ્યાં કે સૂકો રોટલો હોય તો પણ પરમાત્મા જમી જાય છે.

લાજ જ્યારથી ગઈ ત્યારથી દુનિયાનું કોણ જાણે શું થવા બેઠું છે ? શીલ ને ચારિત્ર્ય એ ભારતની સંસ્કૃતિ છે. ભગવાનને મળવા માટે કોઈ એક ડગલું ભરે તો ભગવાન તેની સામે

હજાર ડગલા સામા પગલા ભરે છે. જીવે પહેલ કરવી પડે. સંસારની આસક્તિ, વાસના, મોહ, મમતા, માયા છોડવા પડે. અંહકાર, માન, સન્માન, અભિમાન છોડવું પડે. સંસારનો જીવ જગતના નાશવંત પદાર્થોની માયા છોડતો નથી. માયાના પોટલા સાથે રાખે છે. આ બધું છોડીને ડગલું ભરવું પડે. જીવ પ્રયત્ન કરે, એટલે પરમાત્માની સહેજ કૃપા થાય એટલે લક્ષ્મીજી તે ઘરમાં આવીને બેસી જાય. એટલે મનુષ્ય ભગવાનને ભૂલી જાય એટલે ભગવાનના ધામમાં જવા ન મળે. ભગવાનને છોડીને જગતના નાશવંત પદાર્થોમાં આસક્ત થાય એ પરમાત્માને પસંદ ન પડે. ભગવાનને છોડીને, આજ્ઞા લોપીને, બાંધેલી મર્યાદા તોડીને માણસ ધન સંપત્તિ પાછળ ગાંડો થાય ત્યાં ક્યાંક હાથ દાઝી જાય ! જગતના જીવને ધન સંપત્તિ કે કંઈ મળે તે પરમાત્માના નામે મળે છે. પોતાની મહેનતમાં ભગવાનનો ભાગ જોડી દે, તો પરમાત્માનું પ્રારબ્ધ જીવને સુખી કરી દે, બાકી જીવનું કોઈ નસીબ નથી કે લક્ષ્મીજી તેના ઘેર વસે. પતિ સાથે જે સંબંધ રાખે, તેની પત્ની ને તેના ઘરે આવ્યા વિના છૂટકો નથી. પરંતુ દુનિયાને અવળો રસ્તો મળી ગયો છે. લક્ષ્મીપતિ થવું છે. પરંતુ ભગવાનના આશ્રિત થવું નથી. કોઈ ગૃહસ્થના ઘેર જઈએ એટલે પત્નિને ચા પાયા વિના છૂટકો નહિ. પરંતુ કોઈ પુરુષ ડાયરેકટ કોઈની પત્નિ પાસે જાય તો ધોકા મળે ! નારાયણ સાથે સંબંધ રાખવો નથી, ડાયરેક લક્ષ્મીજીને લાવવા છે ! ભક્તિની ભૂમિમાં માણસ જ્યારે પ્રવેશ કરે છે ત્યારે પરમાત્માને આગળ કરે છે, પરંતુ જ્યાં ધનસંપત્તિ આવે એટલે પોતે આગળ ચાલે છે અને પરમાત્માને પાછળ રાખે છે. દંભ, આંડબર કપટ કરે તે અઘાસુરનું રૂપ છે. દુરાચાર, હિંસા, વ્યભિચાર બંધ કરે એટલે અઘાસુર જીતાય, પછી બકાસુર આવે. પોતાનામાં કંઈ દૈવત ન હોય, પરંતુ ધ્યાન, માળાનો દંભ કરે. હું આટલું કરું, આટલું કરું, એમ કહેતો ફરે. શિક્ષાપત્રીની આજ્ઞામાં રહેવું ન હોય. બાંધેલી મર્યાદામાં રહેવું નથી અને મોટી મોટી વાતો કરવી છે તેનું નામ દંભ, આડંબર.

જેનામાં વિશ્વાસ, શ્રધ્ધા, પ્રેમ ન હોય તેની આગળ સ્વયં ભગવાન આવીને ઉભા રહે, તો પણ તેને સુખ ન આવે. પતિવ્રતા સ્ત્રીથી મોટા મોટા દેવતાઓ પણ ભયભીત બને છે. તે જગતમાં પૂજનીય બને છે. પતિવ્રતાના ધર્મથી યશ, કીર્તિ, ધન, સંપત્તિ સઘળું પ્રાપ્ત થાય છે. ઘણાં એવું કહે કે અમોને ભગવાન સમાધિમાં રોજ દર્શન આપે છે. વાતો કરે છે. આવું અભિમાન આવે એટલે ભગવાન ત્યાંથી અદ્રશ્ય થઈ જાય છે.

ભગવાનના નામ સ્મરણથી ચરિત્ર શ્રવણથી જીવના પાપો બળી જાય. એટલે ભગવાન સુધી પહોંચવાની પાત્રતા આવે છે. યજ્ઞનારાયણના ઘૂમાડો ને કોઈ જુએ તેના જન્મોજન્મના પામો નાશ પામી જાય છે. યજ્ઞ નારાયણના દર્શન, પ્રદક્ષિણા કરે તેના દુષ્ટ પાપો શમી જેમ અગ્નિમાં બળે તેમ નાશ પામી જાય છે.

લાલાના વિયોગમાં જેનો પ્રાણ ટકે નહિ તેવો ગોપીઓનો પ્રેમ છે. મરવું ન પડે એટલે જગતનો જીવ કેટલા ઉધામાં કરે છે ! અવળો માર્ગ મળી ગયો છે. જન્મવું છે, પરંતુ મરવું નથી. જન્મવું બંધ પડે તો મરવું બંધ પડે. જગતની આસક્તિ, વાસના છોડીને પરમાત્માની આરાધના કરે તો જન્મ-મરણ છૂટે. પરમાત્માના સ્વરૂપમાં પ્રેમ ઉત્પન્ન થાય તો દુઃખ માત્ર ટળી જાય. કંસને પણ અવળો માર્ગ મળી ગયો હતો.

હોમ, હવન, તપ, તીર્થ, દાન વગેરે સત્કર્મો ખૂટી જાય છે. પરંતુ પરમાત્માના ચરણોમાં પ્રેમલક્ષણા ભક્તિ કરી હોય તે ક્યારેય નાશ પામતી નથી. જરૂરિયાતવાળાને આપવું એ આપનારની ફરજ છે.

ઘેર બેઠા કાલમુખા ડગલા (ટી.વી.)ની સામે સમય પસાર કરે છે. પરંતુ મંદિરે ભગવાનની આરતીનુ દર્શન કરવાનો ટાઈમ ન મળે. ભગવાન એટલાં દયાળું છે કે જીવના દોષને પોતાની ડાયરીમાં નોંધ કરતા નથી. જેણે જગતના તિરસ્કાર સહન કર્યા હોય, છતાં પરમાત્માની ભક્તિ ન છોડે, તેને ત્યાં પરમાત્મા જન્મ ધારણ કરે છે. જીવની એવી પ્રકૃતિ પડી ગઈ છે કે ચારે બાજુથી માન સન્માન જોઈએ. ન મળે એટલે પરમાત્માને ભૂલી જાય, મંદિરે આવવાનું બંધ કરે. પરમાત્માને અંતઃકરણમાં નિત્ય રાખવામાં આવે તો

(અનુસંધાન પાના નં. ૧૭)

બ્રહ્મચર્ય શરીરનો સમ્રાટ !

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

બ્રહ્મચર્ય શરીરનો સમ્રાટ છે. બ્રહ્મચર્યથી બુદ્ધિ, તેજ અને બળ વધે છે. પૂર્ણ જીવન એ જ જીવે છે, પૂર્ણ પરમેશ્વરને એજ પામે છે કે જે સદાચારી છે, સંયમી છે અને બ્રહ્મચર્યનું -અષ્ટાંગ બ્રહ્મચર્યનું પાલન કરે છે.

"श्रवणं कीर्तन केली प्रक्षलं गुह्य भाषणम् ।
संकल्पोऽध्य वसायश्च क्रिया निवृत्तिरेव च ॥

અર્થાત્ - સ્ત્રીની વાત સાંભળવી, સ્ત્રીનાં વખાણ કરવાં, સ્ત્રીની મશ્કરી કરવી, તેના સામું જોવું, ગુપ્ત ભાષણ કરવું, તેને ભોગવવાનો સંકલ્પ કરવો, યુવાન કે વૃદ્ધપણાનો નિશ્ચય કરવો તથા સાક્ષાત્ સંગ કરવો. આ આઠ પ્રકારના કાર્યોના ત્યાગ દ્વારા બ્રહ્મચર્યનું પાલન જે કરે છે તે જ નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય છે. આ અનુપમ અને અશ્રુતપૂર્વ અષ્ટાંગ બ્રહ્મચર્યનું પાલન મન અને ઈન્દ્રિયોને જીત્યા સિવાય થઈ શકતું નથી.

આપણા જીવન વ્યવહારમાં 'મન' જ મોટો ભાગ ભજવતું હોય છે. 'મન' થી જ આપણે મનુ માનવ કહેવાઈએ છીએ : "स जीवति मनोयस्य मननेन जीवति ।" અર્થાત્ - તે જ જીવે છે જેનું મન મનન વડે જીવે છે.

"તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન" એ સૂત્ર જાણીતું છે. જેટલે અંશે મન કાબૂવાળુ, સ્વચ્છ, શાંત અને તેજોમય હોય છે એટલે અંશે શરીર પણ નીરોગી રહે છે. માટે રસના ઈન્દ્રિયને તો વિશેષ કરીને જીતવી જોઈએ. શુદ્ધ અને સાત્વિક આહાર લેવો જોઈએ. માટે જેણે રસના ઈન્દ્રિય જીતી છે એણે મન જીત્યું છે, પરંતુ આપણે



મનરૂપી સમુદ્રનું વિચારરૂપી કિંમતી રત્ન ભયંકર રીતે વેડફી દઈએ છીએ.

"ચિત્ત માનવનું છે ના, ભંડાર
ભરવા તણો,
બાગ છે કિંતુ એ રૂડો ખીલવવા
સુહામણો."

દેવોનું દૈવત્વ, ધાર્મિકોનું ધર્મત્વ, સાધુ પુરુષોનું સાધુત્વ, સતીઓનું સતીત્વ અને મનુષ્યોનું મનુષ્યત્વ બ્રહ્મચર્યને આભારી છે, અને તે જ તેમનું ખરું ભૂષણ છે. ઐશ્વર્યનું ભૂષણ સુજનતા છે, શૂરવીરનું ભૂષણ વીરતા છે, જ્ઞાનનું ભૂષણ શાંતિ છે, કુળનું ભૂષણ વિનય છે, ધનનું ભૂષણ પાત્રદાન, તપનું ભૂષણ ક્રોધ ન કરવો, ક્ષમાનું ભૂષણ પરાક્રમ, ધર્મનું ભૂષણ નિષ્કપટપણું આ રીતે દરેકનું ભૂષણ છે, પણ બ્રહ્મચર્ય એ તો સર્વ, ભૂષણોત્તમ ભૂષણ જ છે. બ્રહ્મચર્યનો અર્થ શું ? "ब्रह्मं चरति ।" चरति એટલે વ્યવહાર કરવો, આચરણ કરવું, બધીજ કૃતિ બ્રહ્મ માટે હોય તે બ્રહ્મચારી છે.

સમુદ્રનો અવતાર કહેવાય છે. તે શાંતનું રાજા મહાન સમર્થ શાસ્ત્રવેત્તા હતો છતાં કામાન્ધ બની ગંગાજીની શરત અનુસાર આજીવન તે કહે તેમ કરવા બંધાય છે. અને તેને પટરાણી બનાવે છે. રાણી પોતાના છ પુત્રોને ગંગામાં પધરાવી દેવા ફરમાન કરે છે છતાં આ કામાન્ધ રાજાને અરેરાટ થતો નથી ! આખરે સાતમાં પુત્રને મારી નાખવા ના કહે છે અને રાણી બાળકને લઈ ગંગામાં લીન થઈ જાય છે. આ બાળક તે ગાંગેય (ભીષ્મ).

મહર્ષિ વેદવ્યાસના પિતા પરાશર મુનિનું પતન પણ પોતે જ્ઞાની, ધ્યાની અને તપસ્વી હતા છતાં થાય છે. તેઓ વિહવલ, વિચારશૂન્ય અને કામાન્ધ બની નદીને સામે કાંઠે હોડીમાં મૂકવા

આવનાર નાવિક કન્યા મત્સ્યગંધાની પાસે અંગસંગ માગે છે, આખરે તેમના આશીર્વાદથી ભગવાનના અવતારરૂપ 'વ્યાસજી' નામે પુત્રનો જન્મ થયો.

શર્યાતિ રાજાની પુત્રી સુકન્યાને જોઈને મહાતપોધની, ધૈર્યશીલ અને સહિષ્ણુ એવા ચ્યવનઋષિ પણ સુકન્યાને વરે છે. વિશ્વામિત્રને મેનકા પ્રત્યે મોહ ઉત્પન્ન થાય છે, અને શકુન્તલાનો જન્મ થાય છે.

મહાન યોગી પાંડુ રાજાને શાપ હતો કે, - "પત્નીના અંગસંગથી મૃત્યુ પામશે." છતાં એકાંતમાં માદ્રીનો સહવાસ થતાં અંગસંગ માગે છે. અને "સૌન્દર્ય શું ! જગત શું ! તપ એ જ સાથી !" એ સૂત્ર ભૂલી જઈને માદ્રીને કહે છે : "બન્યો હું જલ બહાર મીન" અને મૂર્છિત બની મૃત્યુને ભેટે છે !

કહેવાનું તાત્પર્ય એ છે કે, કામ બળવાન શત્રુ છે. આ રીતે સ્ત્રી-પુરુષના સહવાસથી જ કામ જાગે છે.

"નન્વગ્નિઃ પ્રમદાનામ્ વૃતકુંભસમઃ પુમાન્ ।"

અર્થાત્ - સ્ત્રીએ પ્રસિદ્ધ અગ્નિ છે અને પુરુષ ઘીના ઘડા સમાન છે. માટે બ્રહ્મચર્ય એ સર્વ નીતિમત્તા અને સર્વ ધર્મોની આધારશિલા છે.

સાત્વિક અને અલ્પ આહાર પણ બ્રહ્મચર્યની રક્ષામાં સહાયભૂત થાય છે. સત્સંગ કે સંત સમાગમ કરવાથી આપણા અંદર સારા વિચારો ઉદ્‌ભવે છે.

"જૈસે બીજ મેં વૃક્ષ છુપા, અરુ
ચકમક મેં આગ,
તેરા સાઁઈયાઁ તુઝ મેં હૈ, જાગ સકે
તો જાગ."

મૌન રહેવાથી મનોબળ વધે છે અને ધ્યાન કરવાથી બુદ્ધિ તેજસ્વી થાય છે. આહાર-વિહાર વિશે જાગરુકતા કેળવવાથી તન તંદુરસ્ત રહે છે. બ્રહ્મચર્ય આધ્યાત્મિક જીવનનો આધાર છે. તદુપરાંત સાત્વિક અને પવિત્ર વિચારો પણ બ્રહ્મચર્યનો આધાર છે. "નવરું મન અથવા ખાલી મગજ શૈતાનનું કારખાનું છે."

એક વખત દયાનંદ સરસ્વતીને કોઈ અનુયાયીએ પૂછ્યું : "ગુરુદેવ ! આપને કામદેવ સતાવે છે કે નહિ ?"

તેમણે મરક મરક હસતા ઉત્તર આપ્યો : "હા, કામદેવ આવે છે, પરંતુ તેને તો મારા નિવાસ સ્થાનની બહાર જ ઉભા રહેવું પડે છે. કારણ કે એ મને કદી નવરો જોતો જ નથી." આ હતું એમના બ્રહ્મચર્યનું રહસ્ય !

ગુરુતત્ત્વનો જો યથાર્થ અનુભવ થઈ જાય તો પછી સામીપ્ય અને અંતરનો ભેદ રહેતો નથી. ગુરુ પાસે કોઈ કાનૂની, સામાજિક કે આર્થિક સત્તા નથી. ગુરુ શિષ્યનો સંબંધ કેવળ પ્રેમ પર નિર્ભર છે. જ્યાં સુધી તમારી નિષ્ઠા અને શ્રદ્ધા, ત્યાં સુધીનો સંબંધ.

"પ્રીતિ બહુત સંસાર મેં, નાના
વિધિ કી સોય,
ઉત્તમ પ્રીતિ જાનીએ, જો સદ્‌ગુરુ સે
હોય."

સંતનું જ્ઞાન એ કૂવાનું જળ છે, જેની સરવાણી અંદરથી ફૂટે છે. પંડિતોનું જ્ઞાન એ હોજનું પાણી છે. જે બહારથી ભરાય છે, સાચા સંતનું દર્શન કરવા જઈએ ત્યારે એક એક ડગલાનું પુણ્ય એક એક યજ્ઞ બરાબર હોય છે. જ્યારે માનવીનું પતન નજદીક આવે છે ત્યારે તે સંતોનું અપમાન કરે છે, પરંતુ સંતો સૌ ઉપર સમાન ભાવના રાખે છે, તેઓને મન માન અપમાન કે મારું - તારું નથી હોતું.

સંતોના વચનમાં એક પ્રકારની તાસીર હોય છે, તેના પુરાવા સંતોની વાણીમાં પ્રાપ્ત થાય છે. કર્મના લખાણ ઉપર પણ ફેરફાર કરવાની તાકાત સંતોમાં છે. શ્રીમંત થવું સહેલું છે, સાધુ થવું કઠિન છે.

"શાસ્ત્રોને સંતના સૂત્રો, ઊંડી વિવેક
બુદ્ધિથી,
હસીને સ્થાપવી શ્રધ્ધા, સત્ય જાતે
અનુભવી."

ગુરુ ત્રણ પ્રકારના કહેવાય છે, કાષ્ઠ-સ્વરૂપ, કાગળ સ્વરૂપ અને પથ્થર-સ્વરૂપ. કાષ્ઠ-સ્વરૂપ ગુરુ સર્વોત્તમ છે. સંસારરૂપી સમુદ્રને કાષ્ઠરૂપી ગુરુ જ તરે છે અને તારી શકે છે. કાગળ-સ્વરૂપ ગુરુ પોતે તરી શકે નહિ અને બીજાને તારી શકે નહિ. પથ્થર-સ્વરૂપ ગુરુ તે પોતે ડૂબે અને બીજાને પણ ડુબાડે. ગુરુ નગારા જેવા છે, દાંડી પડતાં જ અવાજ દેશે. અહંકાર પરિવર્તનનો સંતોએ ઉપાય બતાવ્યો છે કે થોડા દિવસ, થોડા મહિના એ જ વિચારનો અભ્યાસ કરો કે, "અહીં મારું કંઈ નથી, જે કંઈ મારું લાગે છે તે માયા છે, હું પરમાત્મામાં છું. આ બધું પરમાત્માની પ્રકૃતિમાં છે."

ભક્ત વત્સલ ભગવાન શ્રી સ્વામિનારાયણ

-દિનેશભાઇ કે. ભગત (અમદાવાદ)

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની હયાતીમાં જ સ્ત્રી-ધનના ત્યાગી, પંચવર્તમાન પાળનારા, નિર્લોભી, નિઃસ્વાર્થી, નિર્માની અને અષ્ટપ્રકારે બ્રહ્મચર્યવ્રતનું પાલન કરનાર ત્યાગમૂર્તિ અને શિક્ષાપત્રી પ્રમાણેનું વર્તન કરનારા બે હજારથી પણ વધુ સંતો બનાવ્યા હતા. ૫૦૦ પરમહંસો સંપ્રદાયના ઘરેણા સમાન હતા. તેમના કેટલાક ગૃહસ્થો પણ સંતો જેવું જ વર્તન કરી ભગવાન સ્વામિનારાયણનો પડ્યો બોલ ઝીલવામાં ગૌરવ સહ આનંદની અનુભૂતિ કરતા હતા. ભગવાન સ્વામિનારાયણની હયાતી દરમ્યાન આશરે પાંચ લાખ સત્સંગીઓના કુટુંબના તેઓ વડા હતા. પ.પૂ. આધારાનંદ સ્વામીએ રચેલા "શ્રીહરિચરિત્રામૃત સાગર" માં જણાવ્યું છે કે મહારાજના વખતમાં ૧૫૨૯ સાધુઓ, ૨૪ વર્ણીઓ, ૧૬ સન્યાસીઓ હતા. પણ આ સંખ્યા પણ પૂર્ણ નથી. તેમ તે ગ્રંથકારનું કહેવું છે. કવિ દલપતરામે રચેલા "શ્રીપુરોત્સવ" માં ઉપરના વિધાનોને પુષ્ટિ આપી છે. એક ભક્ત કવિએ કીધું છે કે "લે ખેંચી મન લાખના, તે તો નિશ્ચય ઈશ્વર હોય છે." - ભગવાન સ્વામિનારાયણ પણ પોતાના ભક્તોના મનોરથો - સંકલ્પો પૂર્ણ કર્યા છે. ભાવ નિરખી રક્ષા કરી છે. તો કેટલાક દૃષ્ટાંતો જોઈએ -

(૧) સૌરાષ્ટ્રના શ્રી રામજીભાઈ ભગવાનના અનન્ય ભક્ત હતા. ભગવાન સ્વામિનારાયણે તેમને સ્વપ્નમાં દર્શન દીધા અને કીધું કે તમે જે વણિક પાસે રૂપિયા દસ હજાર માગો છો તે તાત્કાલિક પાછા લઈ આવો. કારણ કે એ વણિક શેઠ વીસ દિવસમાં દેવાળું કાઢશે. આ સ્વપ્ન દર્શનની આજ્ઞા માની, રામજીભાઈએ વણિકશેઠ પાસેથી રૂા.૧૦,૦૦૦-૦૦ પાછા લઈ લીધા. મહારાજના સ્વપ્ન દર્શનમાં કહેવા પ્રમાણે વણિકશેઠે વીસ દિવસમાં જ દેવાળુ કાઢ્યું. આમ ભક્તની લૌકિક વ્યવહારમાં રક્ષા કરી.

(૨) વડનગરમાં ઉજમશી નામે વિપ્ર ભક્ત હતા. તેઓ ડભાણમાં શ્રીજીમહારાજના દર્શને આવ્યા. મહારાજે ભક્તરાજને પૂછ્યું કે તમારી પાસે કેટલા રૂપિયા છે ? ભકતરાજે કહ્યું કે પાંચસો રૂપિયા છે. જે વાણિયા શેઠને ઘેર મૂક્યા છે. મહારાજ કહે કે એ રૂપિયા અમને આપશો ? ભક્તરાજે કહ્યું કે આપીશ. એટલે મહારાજે કહ્યું કે તાત્કાલિક ઘેર જઈ વાણીયા શેઠ પાસેથી રૂા. ૫૦૦-૦૦ લઈને પછી જ તમારે ઘેર જજો. એટલે તે ભક્તરાજ વડનગર જઈ, વણીક શેઠ પાસેથી રૂપિયા પાંચસો લઈ ઘેર ગયા. અને પછી એ રૂપિયા લઈ મહારાજને આપવા ડભાણ ગયા. મહારાજે કહ્યું કે અમારે રૂપિયા જોઈતા નથી. પણ તે વાણીયા શેઠ દશ દિવસમાં દેવાળું કાઢવાનો હતો એટલે તમારા રૂપિયા જશે. એમ જાણીને તમને કહ્યું હતું. અને પેલા વાણીઆએ દશ દિવસમાંજ દેવાળું કાઢ્યું. આમ ભક્તના રૂપિયા પાંચસો બચાવ્યા. ધન્ય છે ભક્ત વત્સલ ભગવાનને.

(૩) વિસનગરમાં પાનાચંદ ભાવસાર શ્રીજીમહારાજનું નિત્ય ધ્યાન-ભજન કરતા હતા. એમ કરતાં દિવ્ય દૃષ્ટિ પામ્યા તે બધા ધામને ઘેર બેઠા જુએ. ભગવાન પોતાના હરિભક્તને અને સાધુને અંતકાળે મહારાજ તેડવા આવે તે પણ દેખતા હતા. ભગવાન સ્વામિનારાયણના ભજનથી - પ્રેમ લક્ષણા ભક્તિથી આવી સામર્થી પામ્યા હતા..

(૪) શ્રીજી મહારાજ ગુજરાતમાં જતા હતા અને સાથે કાઠી ભક્તો હતા. સાંજ પડી અને એક ગામ આવ્યું. તેમાં કોઈ જ સત્સંગી નહીં. એટલે મહારાજે ગામના એક માણસને પૂછ્યું કે અમારે રાત્રિ રોકાણ કરવું છે. તો કોઈને ઘેર ઉતારો કરાય એવું ઘર છે? એ વ્યક્તિએ એક પટેલનું ઘર બતાવી કહ્યું કે તે સેવા ચાકરી કરે એવા છે. મહારાજ તેમના ઘેર ગયા. પટેલે સન્માન કરીને ઉતારો આપ્યો અને ઘોડા માટે ખડ-જોગાણ આપી કંસાર કરી જમાડી, ઉતારો આપ્યો.

સવારમાં મહારાજ ઘોડેસ્વાર થઈ તૈયાર થયા. ત્યારે ગામના માણસોને મહારાજે કહ્યું કે પટેલે અમારી બહુ સરભરા કરી. બધા માણસો મહારાજને કહે કે પટેલ બહું સારા છે. પણ સંતાન નથી. મહારાજે કહ્યું કે દીકરો થશે. પટેલ પતિ-પત્નિ અવસ્થાવાળા હતા. પણ મહારાજના વચનથી દીકરો થયો.

(૫) ગઢપુરમાં બહેચરભાઈ દેરાસરીને સ્ત્રીને કોલેરા થયો હતો. તેમની તબિયત જોવા મહારાજ પધાર્યા. તેમની ખડકીમાં પેસતા જ એક બેન બોલ્યા કે મહારાજ દેરાસરીના પત્નિ અવસાન પામ્યા છે. મહારાજ કહે કે માનવીનો દેહ તુરત પડે નહીં. એમ કહી મહારાજ તેમના ઘરમાં ગયા અને બોલ્યા કે માખણ લાવો. ભક્તરાજ માખણ લાવ્યા. અને મહારાજે તે મૃત પામેલી બેનના મોઢામાં માખણ નાખ્યું. અને તે બેન આંખ ઉઘાડીને બેઠી થઈ. અને મહારાજને પગે લાગી અને મહારાજ બોલ્યા કે આ બેનના દાંત બંધ થઈ ગયા હતા. આમ પરચો આપી, દેરાસરીના પત્નિ ને જીવતદાન આપી ઉતારે પધાર્યા.

(૬) ગઢડામાં ખીમા સુથાર ઘણા માંદા હતા. તેમને જોવા મહારાજ તેમને ઘેર પધાર્યા. અને તેમને જોઈને મહારાજ દાદાખાચરના દરબારમાં પધારી જીવુબા પ્રત્યે બોલ્યા કે ખીમા સુથારનો દેહ નહિ રહે. અને તેમને બે પત્નિઓ છે તે વિધવા થશે. જીવુબા કહે કે શીદને મરવા દો છો ? જીવાડવું - મારવું આપના હાથમાં છે. અને મહારાજે તેમને જીવાડ્યા - અને મરવા ના દીધા....

આમ ભગવાન ભક્તની રક્ષા કરે છે જ - શ્રધ્ધા જોઈએ- વિશ્વાસ જોઈએ. વર્તમાન કાળે પણ જે ભક્તો દર પૂર્ણિમાના દિવસે જેતલપુર શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ અને કાળુપુર મંદિરમાં શ્રીનરનારાયણ દેવના દર્શનની બાધા રાખી, શુભ સંકલ્પ કરે છે. તેમના સંકલ્પો હાલની એકવીસમી સદીમાં પણ ભગવાન પૂર્ણ કરે છે. શ્રધ્ધા જોઈએ.

બાપુનગર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે
(પાના નં. ૧૩નું ચાલુ)

દુષ્કર્મ ન થાય. સમાજની સેવા કરવી હોય તે સિંહાસન પર ન બેસે, સત્તા-સિંહાસન આવે એટલે સેવા ક્યાંય સૂકાઈ જાય. કેવળ દંભને આડંબર રહે. દેશની, રાષ્ટ્રની સેવા કરનાર સૈનિક બને છે.

જેમ ધનુષ્યમાંથી છૂટેલું બાણ પાછું વાળી શકાતું નથી. તેમ મુખમાંથી નીકળી ગયેલા શબ્દો પણ પાછા વળતા નથી. માણસના મનને તોડી નાંખે છે. કાચને સાંધી શકાતો નથી, તેમ તૂટેલું મન સાંધી શકાતું નથી, તેથી બહુ વિચારીને બોલવું. કઈ સાચી વસ્તુ અને કઈ ખોટી વસ્તુ તે તો ફક્ત ભગવાન જાણતા હોય છે. એકનું સારું કરવા જતાં તેનાથી બીજા ૨૫નું ખરાબ થાય એવું ન બોલવું. સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતે ક્યાંય કોઈનો દ્રોહ થાય એવી વાણી ન બોલવી. કોઈના ઉપર ખોટું કલંક ન લગાડવું.

વૃધ્ધાવસ્થામાં સંસારના થાકથી જીવ થાકે, પરમાત્માની સામે જુએ તો ભગવાન ઉપાય બતાવે. વૃધ્ધાવસ્થામાં જીવ પુત્ર, પત્નિ, પુત્રવધુ, સગા એમ બધાંના મેણા ટોણાં સહન કરે પણ મંદિરે ન જાય ! આત્મહત્યા કરનાર અંધતામિસ્ત્ર નામના નરકમાં પારાવાર દુઃખ ભોગવે છે.

વિજય થાય એટલે પરમાત્મા સામે જુએ તો વિજય કાયમ રહે. ભગવાને શરીર, દ્રષ્ટિ બધું આપ્યું ત્યારે કામ થાય છે. પરંતુ મેં બધું કર્યું એવો ભાવ જ્યારે આવે ત્યારે માર ખાવો પડે છે. જેના જીવનમાં ભગવાનનું આગમન થાય, તે વૃદ્ધાવસ્થાને જીતી જાય છે. દુષ્ટ બુદ્ધિવાળા દુરાચાર, દારૂ, જુગાર, વ્યભિચારમાં પૈસા વાપરે છે. કામ, ક્રોધ, લોભ વગેરે અંતઃશત્રુઓ તથા વિકારો જીવને પરેશાન કરે છે. તેની સામે લડાઈ લડવાની છે. પરંતુ તે પોતાની શક્તિથી જીતી શકાતા નથી. કોઈ ચાન્દ્રાયણ વ્રત કરે કે તપ કરે તો પણ પરમાત્માની શક્તિ વિના તે જીતી શકાતા નથી. સ્વામિનારાયણ ભગવાન પોતાના દ્રષ્ટાંતથી વાત કરતા કે અંતઃશત્રુઓ જીતવા કઠણ છે. પરંતુ આ શ્રી નરનારાયણદેવના આશ્રયના પ્રતાપથી મેં અંતઃશત્રુઓ જીતી લીધા છે. જે નરનારાયણદેવનો આશરો કરશે એને અંતઃશત્રુઓનો ભય નહીં રહે.

શક્તિ, સમૃદ્ધિ અને સત્તા આ ત્રણ વસ્તુ જ્યાં ભેગી થાય એટલે ત્યાં ઉત્શ્રંખલતા આવે. દેવ, આચાર્ય, સંત, શાસ્ત્રનો જે નિરંતર યોગ રાખશે, સેવા કરશે તેને અક્ષરધામની પ્રાપ્તિ થશે.

એક અનુપમ પત્ર-નિરૂપણ


– અતુલભાઇ ભાનુપ્રસાદ પોથીવાલા

"જેમ કોઈનો કાગળ પરદેશથી આવ્યો હોય તેને વાંચીને તે કાગળના લખનારાની જેવી બુધ્ધિ હોય તેવી જણાઈ આવે છે. તથા જેમ પાંચ પાંડવ, દ્રૌપદી, કુંતાજી તથા રૂક્ષ્મણિ, સત્યભામા, જાંબવતી આદિક ભગવાનની પટરાણીઓ તથા સાંબ જે ભગવાનનો પુત્ર ઈત્યાદિક ભક્તનાં રૂપ તથા વચન તે શાસ્ત્રમાં લખ્યાં છે, તે શાસ્ત્રને શ્રવણે કરીને-તેમના રૂપનું પ્રમાણ તે દર્શન જેવું જ થાય છે. તથા તેમનાં વચને કરીને તેમની બુધ્ધિનું પ્રમાણ થાય છે." (પં.૧)

સંવત ૧૮૭૭ ના ફાગણ સુદી ૪ ચોથ ને દિવસે ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં સભા ભરાઈને બેઠી હતી. તેમાં શ્રીજી મહારાજે ઉપરોકત વચનો ઉચ્ચારેલાં છે.

પત્ર વાંચી ને લખનારાની બુધ્ધિ કેવી છે તે જણાઈ આવે, પત્રને શ્રવણ કરીએ ને તેમાં દર્શાવેલી વાતો અને વર્ણનોનું જાણે પ્રત્યક્ષ દર્શન કરતાં હોઈએ એમ એનું શબ્દચિત્ર આંખો સમક્ષ તરવરી ઊઠે - આવો એક અનુપમ પત્ર છે - નીલકંઠવર્ણીએ પૂ.રામાનંદ સ્વામીને લોજપુરથી લખેલો પત્ર !

શતાનંદમુનિ એ સત્સંગિજીવન પ્રકરણ-૧ ના ચોપનમાં અધ્યાયમાં તથા સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિમાં - પ્રકરણ-૪૨ માં આ અનુપમ પત્રનું અતિ સુંદર વર્ણન કર્યું છે. એક ગદ્ય અને બીજું પદ્ય, બન્નેના કર્તાઓ પણ જુદાં જુદાં તેમ



છતાં બંને પત્ર નિરૂપણો સાંગોપાંગ સમરૂપ જણાય છે !

"અમારા મોટા ગુરુભાઈ મુકતાનંદજી દર્શન કરવા જેવા સંત છે. જો પધારો તો આપનું કામ થઈજાય અને જો ન પધારો તો મારો હઠાગ્રહ નથી, સ્વામીને અહીં બોલાવી લાવું." ગુરુભાઈનો આવો ઈર્ષ્યાએ રહિત મહિમા-સુખાનંદ સ્વામી પાસેથી નીલકંઠવર્ણીએ સાંભળ્યો. અને અત્યંત પ્રભાવિત થઈ ગયા. "આવા સંત હોય એનાં દર્શન કરવા માટે અમે આવીશું." એમ બોલી નીલકંઠવર્ણી તુરત જ તૈયાર થઈ ગયા. આશ્રમમાં આવી મુક્તાનંદ સ્વામી સહિત સૌ સંતોને મળ્યા.

એ વખતે સદ્‌ગુરુ રામાનંદસ્વામી ભૂજ પધારેલ હતા. અને ગુરુજીની આજ્ઞા વિના એમને મળવા જવું એ ઠીક નહીં હોવાથી મુકતાનંદ સ્વામી પ્રથમ પત્ર લખવા બેઠા.

મુકતાનંદ સ્વામીનો પત્ર પણ એવો જ સુંદર છે જેવો વર્ણીરાજ શ્રી હરિનો !

સદ્‌ગુરુ રામાનંદ સ્વામીને નમસ્કાર પાઠવી મુક્તાનંદ સ્વામી પત્રમાં લખે છે :

"અહીં કોશલ દેશથી કોઈક મહામુનિવર્ય આવ્યા છે.....આ નીલકંઠ નામધારી મુનિના નિર્મળ તપોમય તેજમાં અમારી ઊગ્ર તપશ્ચર્યાઓની કાંતિઓ તો આકાશ મધ્યે રહેલ સૂર્યની કાંતિ આગળ જેમ દીવાઓ ભાસે તેવી લાગે છે. .....મુનિ સભામાં એક નાનકડો પ્રશ્ન કરે ત્યારે મોટા વિદ્વાન પુરુષોની બુદ્ધિ પણ જાણે કે કુંઠિત થઈ ગઈ હોય તેમ પ્રત્યુત્તર આપવામાં તેમની તર્કશક્તિ ક્ષીણ થઈ જાય છે ! અને સમગ્ર સભા શુન્યભાવને પામી જાય છે ! ..... આ મુનિ શાસ્ત્રોને જાણનારા પંડિતો દ્વારા પૂછતાં કોઈપણ સંશય ને પળવારમાં યુક્તિથી અનેકવિધ પ્રત્યુત્તરો આપી શમાવી દે છે ! "આ તો કોઈ પ્રભુ છે કે શું ?" ગુરુદેવ ! આ વર્ણીને જોતાં એમ થાય છે કે આવા સદ્‌ગુણ, આવા પ્રતાપ, તમારા સિવાય બીજે હોય જ નહિ. અમને તો એમ થાય છે કે તમે પોતે જ અમારી પરીક્ષા લેવા આ તપસ્વીના વેશે આવ્યા છો કે શું ? હે ગુરુદેવ ! આ તપસ્વી મુનિવર્ય ને

આપની પાસે આવવાની તીવ્ર ઇચ્છા છે. આપની આજ્ઞા હોય તો આવવા દઉં. અથવા જેમ આજ્ઞા કરો તેમ કરીશ.''

પત્ર લખ્યા બાદ મુકતાનંદ સ્વામી વર્ણીરાજને કહે છે કે તમે પણ કંઇક લખો. પ્રભુ એવા શ્રી રામાનંદમુનિ તમારો પત્ર જોઇ જલ્દીથી આવશે !

અને નીલકંઠવર્ણી એવા શ્રીહરિ એકાંત સ્થળે બેસીને પોતાના સાથળ ઉપર રાખેલ પાટિયા ઉપર લખવાનો પત્ર મૂકીને જમણા હાથમાં કલમ ગ્રહણ કરીને ઉત્તમ અક્ષરોએ આ પ્રમાણે લખે છે

''સ્વસ્તિ, લક્ષ્મીથી સુશોભિત એવા ભુજનગરમાં રાજાધિરાજની જેમ જેમના ચરણકમળ સેવાયેલા છે. અને અનેક સદ્‌ગુણોરૂપી મનોહર મહામણિઓથી જેમણે વેશ રચેલો છે એવા, સાધુપુરુષોના ગુરુ તથા પોતાની દૃષ્ટિ માત્રથી જેમણે સર્વ ભક્તોનો ભય ખેંચી લીધો છે એવા ઉદાર કિર્તીવાળા આપ, પૃથ્વી ઉપર શ્રીકૃષ્ણ ભક્તિને ખૂબજ વિસ્તારતા થકા વિજય પામો છો.....

હે વિભો ! પોતાના સંબંધીજનોનો તથા કોશલ નામના પોતાના દેશનો પણ ત્યાગ કરી હું તીર્થોમાં ફરતો ફરતો અહીં લોજપુરમાં તમારા આશ્રિત સંતોની સંગાથે રહ્યો છું..... અને હું આ જન્મમાં જ પ્રત્યક્ષ ભગવાનના દર્શનની સ્પૃહાથી દર વર્ષે ચાતુર્માસ સુધી આદરપૂર્વક ધારણા-પારણા વ્રત કરું છું. કાર્તિક માસમાં કૃચ્છ્રવ્રત અને માઘમાસમાં ચાંદ્રાયણ વ્રત કરું છું.....હું ભગવાનની પ્રસન્નતા માટે વ્રતોમાં મુખ્ય એવું એકાદશી વ્રત નિત્ય કરું છું, છતાં દેહદુઃખ ને તો મારા ચિત્તમાં જરા પણ ગણતો જ નથી.....હે અતુલ પ્રભાવવાળા મુનિવર્ય ! ઇન્દ્રિયો સંબંધી શબ્દાદિ પંચવિષયોનો ત્યાગ કરી, મેં મારા શરીરને તપે કરીને-રૂધિર માંસ જેમાંથી સુકાઇ ગયું છે અને ચામડી તથા હાડપિંજર જ માત્ર બાકી રહ્યું છે- એવું કરી દીધું છે. અને મારા પ્રાણો તો એક માત્ર તમારા દર્શનની આશારૂપી અમૃતવેલનું અવલંબન કરીને જ આ દેહમાં ચાલી રહ્યા છે.....

હે વિભો ! અષ્ટાંગયોગના અભ્યાસથી સંપાદન કરેલ ઐશ્વર્યના બળથી મારે દેહ સંબંધી સર્વ ક્રિયાઓ થાય છે, એમ જાણી તમે કૃષ્ણભક્ત એવા મારા ઉપર કૃપા કરો.....મારા માતા, પિતા, સ્વામી, બંધુ, ગુરુ અને મિત્ર તે શ્રી કૃષ્ણ જ છે. અને તે શ્રીકૃષ્ણમાં મારે સંપૂર્ણ સ્નેહાતિશય છે. બીજામાં સ્નેહ તો જો તે કૃષ્ણભક્ત હોય તો જ થાય છે.....સ્નેહથી મારું પોષણ કરનારા માતા, પિતા અને સગાભાઇ પણ જો શ્રી કૃષ્ણભક્તિથી પરામુખ ક્યારેક પણ હું જોઉં તો તરતજ ત્યાગ કરી દઉં, તો પછી બીજા બંધુજનોનો તો ત્યાગ કરું જ એમાં કહેવું શું ?.....વિભિષણે પોતાના ભાઇનો ત્યાગ કર્યો, ભરતજીએ પોતાની માતાનો ત્યાગ કર્યો, વિદુરજીએ પોતાના કુળનો ત્યાગ કર્યો, અને ઋષિ-પત્નિઓએ પોતાના પતિ વિગેરેનો ત્યાગ કર્યો હતો.....કૃષ્ણસંગનો નિષેધ કરનારા પોતાના પતિઓના, ગોપિકાઓએ ત્યાગ કર્યો હતો અને અંગરાજા પણ કષ્ટથી પ્રાપ્ત થયેલ પોતાના પુત્ર વેનનો ત્યાગ કરી વનમાં ચાલ્યા ગયા હતા.....

અહીં જે નિવૃતિ-ધર્મ તમારા સંતો છે, તે તો મારા પૂજનીય છે. માહાત્મય જ્ઞાને યુકત શ્રી કૃષ્ણભક્તિવાળા આ સંતો જ મારું સર્વસ્વ છે.....

આ લોકમાં જેને ભગવાનમાં ભક્તિ નથી અને ભક્તજનોને જેને સંગ નથી તેમને તો હું ગધેડા, કૂતરા અને બળદ જેવા જાણું છું. તેમના તો દર્શન માત્રથી પણ અપરાધ થાય છે. હે વિભો ! આ લોકમાં જેઓ વિષય સંબંધી સુખમાં આસક્ત રહે છે તે મનુષ્યો અને પશુઓમાં હું જરાપણ ભેદ જોતો નથી. હે ઇશ ! સ્વર્ગમાં રહેલા દેવો પણ મનુષ્ય જન્મની પ્રસંશા કરે છે, કેમ કે ભગવદ્‌ ભક્તિ યુક્ત મનુષ્ય જ દેવ પ્રસંશાને યોગ્ય થાય છે, એમ હું જાણું છુ.....

જે ઉત્તમ કુળ, રૂપ, કીર્તિ, નાના પ્રકારના ગુણ અને ઐશ્વર્યથી યુક્ત હોય પણ જો તે ભગવદ્‌ ભક્તિથી રહિત હોય તો તેવા નર ને હું બહારથી રમણીય લાગતાં પરંતુ અંદરથી ઝેર ભરેલાં એવા ઇન્દ્રમણાના ફળ તુલ્ય જોઉં છું....

જેમ સારી રીતે સંસ્કારાયેલા શાકને

થોડું પણ મીઠું જેમ ગ્રહણ કરવા યોગ્ય કરે છે, તેમ ભગવાનની ભક્તિરૂપ ગુણ જો અલ્પ જેટલો હોય તો પણ મનુષ્યોનાં બીજાં ગુણોને ગ્રહણ કરવા યોગ્ય કરે છે.....તપના ફળભૂત મહાપદને પામેલા બ્રહ્મા, રૂદ્ર, ઈન્દ્ર વગેરે દેવોપણ મુક્તિ માટે ભગવાનની જ ભક્તિ કરે છે. રાધા, રમા આદિ શક્તિઓ પણ જેમ સમ્રાટને પોતાની દાસીઓ સેવે તેમ શ્રીકૃષ્ણનું જ સેવન કરે છે. અતિ અલ્પ જીવો પણ ભગવાનની ભકિતથી જ કાળના ભયથી રહિત થાય છે. અને તે ભગવદ્ ભક્તિ વિના તો બ્રહ્મા આદિ ઈશ્વરોને પણ કાળથી અત્યંત ભય રહેલો છે.

સત્પુરુષ અને સત્શાસ્ત્ર થકી ભગવાનનું આ રીતનું માહાત્મય જાણી, આળસનો ત્યાગ કરી તીવ્ર તપોને કરતો થકો હું પૃથ્વી ઉપર તેમની જ ભક્તિ કરું છું.....શ્રી કૃષ્ણના પ્રત્યક્ષ દર્શન માટે અત્યંત ઉત્કંઠાવાળો હું તેમનું દર્શન નહિ થવાથી સ્વસ્થપણાને પામતો નથી. તેથી અહીંના સંતોની વાણીરૂપી દોરીથી બંધાયેલો હું તમારા આગમનની રાહ જોઈને જ અત્રે રહેલો છું.....

આ લોકમાં જે કોઈ વસ્તુ સુખ ઉત્પન્ન કરવામાં કારણભૂત રહેલી છે તે વસ્તુ મને કેવળ દુઃખમય જ જણાય છે. ભગવાનનું પ્રત્યક્ષ દર્શન નહીં પામીને હું ઉન્મત્તપણા જેવી અવદશાને પામેલો છું.

ભગવાનના પ્રત્યક્ષ દર્શન રૂપ મનોરથની પ્રાપ્તિ કેવળ આપના ચરણારવિંદના સેવન વિના અન્ય કોઈપણ ઉપાય વડે શક્ય જ નથી. કારણ કે આ કળિયુગમાં તમે જ જગદ્‌ગુરુ કહેતાં ઉપદેષ્ટા છો. હે ઉદાર કીર્તિવાળા ! હે દયાનિધે ! હે આશ્રિતજનોના બંધો ! આપ જલ્દીથી કૃપા કરીને જ્યાં સુધીમાં મારો દેહ ન જાય ત્યાં સુધીમાં મને આપનું દર્શન આપો.''

નીલકંઠ એવા શ્રીહરિએ સુંદર અક્ષરો વડે ભક્તિભાવથી આ પ્રમાણે પત્ર લખી મુક્તાનંદમુનિને આપ્યો. બુધ્ધિમાન એવા મુકતાનંદ સ્વામીએ પોતાનો અને શ્રી હરિનો બંને પત્રો ભેગાં કરી, મહોર મારી ને ઉપર પોતાના ગુરુનું નામ લખ્યું અને શીઘ્રગામી એવી મયારામ ભટ્ટ સાથે તે પત્ર ભૂજનગર મોકલાવ્યો.

મુનિરાજ રામાનંદ સ્વામીએ સભામાં જેવા બંને પત્રો જોયા, વાંચ્યા કે હર્ષથી રોમાંચિત થઈ ગદ્‌ગદ્ થઈ ગયા. ''મારા પ્રભુ આવી ગયા !''

ભકતચિંતામણિના ૪૨ માં પ્રકરણમાં શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પણ આ અનુપમ પત્રની અતિ સુંદર છણાવટ કરી છેઃ જેમ કે,

સર્વ ગુણ તો શોભે છે ત્યારે,
કૃષ્ણભકિત કરે જન જ્યારે,
કૃષ્ણભક્તિહીણ ગુણ હોય,
વણ લૂણે વ્યંજન સમ સોય.
કૃષ્ણ દર્શન વિના છું ઘેલો,
સ્વામી મેલજો સંદેશો વહેલો,
તમારું દર્શન જ્યારે થાશે,
ત્યારે સર્વ દુઃખ મારાં જાશે.
માટે કૃપા કરી દર્શન દેજો,

વરહાન્ધિમાં બૂડ્યાં બાંય ગ્રેજ્યો,
જેમ વર્તે છે પોતાને મન,
એવાં લખ્યાં વર્ણીએ વચન.

અને શ્રીહરિ વચનામૃતોના અનુસંધાનમાં પણ આજ વચન આપે છે.

''અને આ વાત અમે કરીએ છીએ તે કાંઇ બુધ્ધિની કલ્પનાએ નથી કરતા તથા સિધ્ધાઇ જણાવા સારું નથી કરતા, આ તો અમારી અજમાવેલ વાત છે. ને જેમ વર્તીએ છીએ તેમ વાત કરીએ છીએ''.....(ગ.અં.૩૯)

અનુપમ શ્રી હરિએ મનુષ્ય તન ધર્યું ત્યારથી તે અંતર્ધાન થયા - તે સુધી નાં સમગ્ર લીલાચરિત્રોમાં એમની આગવી વાત છે, આગવી ભાત છે, આગવી શૈલી છે, આગવી છટા છે અને આગવો ઉપદેશ છે ! ચક્રવર્તીઓનાય સમ્રાટ એવા શ્રી હરિનો ઠાઠ તો અનેરો જ હોય ને ?

આ અનુપમ પત્ર નિરૂપણ એ વર્ણીરાજનો વૈરાગ્ય તાદેશ કરે છે.

જીવનમાં જ્યારે પણ અશાંતિ વર્તાય ત્યારે શાંત ચિત્તે ભક્તચિંતામણિ નું પત્રનિરૂપણનું આ પ્રકરણ, શ્રી હરિ સન્મુખ ગાવાથી અનેરી શાંતિ નો અનુભવ ચોક્કસપણે થાય છે. એ અર્થમાં પણ આ '' અનુપમ પત્ર'' એક અદ્‌ભૂત અને અલૌકિક એવી, શ્રી હરિની ભેટ છે.

વિચાર જો જરા.....

– જયદિપ એચ. પટેલ (બાપુનગર, અમદાવાદ)

આપણે કોણ જાણે કેમ પણ એવા એવા સર્વોપરિ આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય અમીદૃષ્ટિમાં આપણા કયા યોગે કરીને આવી ગયા છીએ તે કદી કલ્પી શકાય એમ નથી.....

કારણ કે .....શ્રીજીમહારાજ ગઢડા મધ્યના-૪૫ માં વચનામૃતમાં કેવા અદમ્ય તલસાર સાથે પોતાના અંતરનું રહસ્ય ખોલે છે કે..... "તમે સૌ (આપણે સૌ) અમારા છો....." માટે તમારામાં તલમાત્ર કસર રહેવા દેવી નથી." વાહ પ્રભુ વાહ !

ન શબ્દ વાપર્યો આપે 'બીલકુલ', 'સ્હેજપણ', 'જરાપણ'.....પણ આપે શબ્દ વાપર્યો "તલમાત્ર" અને એ પણ અનંત કસરોથી ભરેલા અમ સૌ માટે અને એમાં તલમાત્ર કસર નહીં રહેવા દેવાનો..... આપનો અમારા માટે કેવો અદ્‌ભૂત અને પ્રચંડ સંકલ્પ ! અમને કદી વાસ્તવિક ન લાગે.....છતા સંપૂર્ણ આવા અવાસ્તવિક સંકલ્પને વાસ્તવિકતાના પૂર્ણ પથ પર ચલાવવાનો આપના જ સંકલ્પોની પુષ્ટિ માટે અમારી હે દયાળુ ! આપે કેવી કેવી રીતે....જાળવી.....જાળવીને માવજત કરી છે....ને કરો છો.... વાહ દયા સાગર વાહ ! વ્હાલા ભક્તો,

વિચારો....જરા અંતરમુખી બનો....ને વિચારો...આપણે કોના દીકરા છીએ....કોણ આપણા બાપ છે ને કેવા સર્વોપરિ આધ્યાત્મિક માવતરના સર્વોપરિ સેવનમાં આવ્યા છીએ ! .....આપણે જગતના અસંખ્યાત દેહધારી જીવો જેવા જીવ નથી.....માયાના ગુલામ નથી.... આપણે તો સહજાનંદી સિંહની કુખે જન્મેલા સિંહના બચ્ચા છીએ..... અર્થાત્..... આપણને શ્રી હરિના અપર સ્વરૂપ સમાન આવા દિવ્ય પ.પૂ.ધ.ધૂ. મહારાજશ્રી તથા પ.પૂ. બાપજીના સાંનિધ્યમાં સેવાયેલા એમના સેવકો છીએ.... માટે આપણે સમજણનો એવો દૃઢાંવ કરી દઈએ હૃદયમાં કે.....હું મૂર્તિ સુખનો ભોગી છું. અને તે જ પથનો પ્રવાસી છું. મહાપ્રભુની મૂર્તિ એ જ મારો ધ્યેય છે.....અને એજ મારુ મુકામ છે....હરિ ભક્તો !

બીજી બાબત : આ રહ્યું ગઢડા પ્રથમનું ૧૮ મું વચનામૃત : સંવત ૧૮૭૯ ના માગશર વદિ છઠ્ઠ ને દિવસ રાત્રિ પાછલી પહોર એક બાકી હતી.....તે સમયે પરમહંસ તથા સત્સંગીઓને સૌને તેડાવ્યા ને ઘણીવાર સુધી તો પોતે વિચારી રહ્યા. તે પછી બોલ્યા જે.....

બસ, અહીં અટકીએ અને બે વાતને ઝીણવટપૂર્વક ખ્યાલ કરીએ.

એક તો, શ્રીજી મહારાજે માગશર વદિ છઠ્ઠને દિવસે સવારે વહેલા રાત્રિ પાછલી પહોર એક બાકી હતી.....અર્થાત.....સવારે ૪ (ચાર) વાગે સર્વે પરમહંસો તથા સત્સંગીઓને ભેળા કર્યા છે.....

વાહ પ્રભુ વાહ !!!

શ્રીજી મહારાજે કેટલો આગ્રહ દેખાડ્યો છે, પોતાના અંતરની વાત કહેવાનો ? કેટલી મહત્વની વાત હશે કે શ્રીજી મહારાજે સવારમાં છ-સાત વાગે રોજ થનારી પ્રાતઃસભા સુધી પણ પોતાની વાત જણાવવાનો આગ્રહ રોકી શક્યા નહી. કે જેથી વહેલા ૪ - ૪ !! વાગે મહારાજે સર્વેને બોલાવીને સભા કરી છે.! નથી મહારાજે સમય જોયો કે નથી પોતાના દેખાતા અવરભાવના શરીર સુખ સામે જોયું.....બસ, પોતે જે સંકલ્પો ને અભિપ્રાયો લઈને આ બ્રહ્માંડમાં પધાર્યા, તે સંકલ્પો પ્રમાણે વર્તાવવાનો મહારાજનો કેટલો બધો આગ્રહ જણાઈ આવે છે ! વાહ દયાળુ વાહ ! આપ અમારા માટે જેટલા ગરજુ બન્યા છો, એના હજારમાં ભાગનીય ગરજને ભૂખ અમને જગાડજો, મારા નાથ !

પ.પૂ.ધ.ધૂ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પણ પ્રભુના આવા દિવ્ય ચરિત્રોના આપણને દર્શન કરાવે છે. તેઓ શ્રી

(અનુસંધાન પાના નં. ૨૮)

ભગવાન પેઠે સેવવા યોગ્ય સંત કેવા હોય ?

– પ્રો. સૂર્યકાંત ભટ્ટ (ભુજ–કચ્છ)

બ્રહ્મરૂપ થયેલા સંતવર્યો વિષે અસંખ્યાત વિદ્વવાનોએ, શાસ્ત્રકારોએ, લેખકો અને કવિજનોએ તેમના મુક્ત કંઠે ગુણગાન ગાયા છે. જેમને ભગવાનનો સાક્ષાત્કાર થયેલો હોય, જેં અહર્નિશ ભગવાનને પોતાના હૃદયમાં ધારી રહેલા હોય, જેઓ સદા ભગવાનની માધુરી દિવ્ય મૂર્તિમાં નિમગ્ન હોય, ભગવાનને રાજી કરવા એ જ માત્ર જેમનો સિધ્ધાંત હોય, જેઓ લોકોના દુઃખો જોઈ સ્વયં દ્રવી જતા હોય એવા સંતવર્યનો જો આ જીવને સમાગમ થઈ જવા પામે તો જીવનો જન્મારો સફળ થઈ જાય. કહેવાય છે કે, "ભૂત જો જીવને વળગ્યું હોય તો જીવનું ખરાબ કરીને જ રહે." કિન્તુ જો જીવને સંત વળગે તો તેનું સારૂં કરીને જ રહે. ડોકટર દર્દીને રોગ મુકત કરવા કડવી દવા આપે છે. તેનો હેતુ દર્દી માટે શુધ્ધ છે. તેમ સંતજન પણ જીવના સુખ માટે તેના પંચ વિકારોની નેષ્ટ નાબુદી અર્થે જે કંઈ ઉપદેશ કે નિયમ આદિ આપે છે તે જીવના મોક્ષ માટે જ આપતા હોય છે. દર્દીને દવા કડવી લાગે છે. અણગમો આવે છે. તેવી જ રીતે સંતવર્યે ઉપદેશ કરેલા નિયમો પાળવા જીવને અતિ અરૂચિભર્યા લાગે છે.

આવા સંતવર્યો શીખ આપે છે કે આ આગાઉ જીવ ચોર્યાશી લાખ અવતારો ધરી આવ્યો છે. જેમ કોઈ અરિસા પર મેશ લાગી હોય તેમાં તમે તમારૂં મુખ જોઈ શકતા જ નથી. તેમ તમારા આત્મારૂપી અરિસા પર અસંખ્યાત જન્મોની વિકારોરૂપી મેશ લાગી ગયેલ છે. તેથી જ તમને તમારા હૃદયમાં ભગવાનની મૂર્તિ દેખાતી નથી. ત્યારે આવો મેશ કોણ સાફ કરે ? આ વિકારો, પાપકર્મરૂપી મેશ માત્ર ભગવાનને અખંડ ધારી રહેલા સંતવર્ય જ સાફ કરી શકે.

આ મનુષ્ય જન્મ મળવો દુર્લભ છે તેમ શાસ્ત્રકારો વદે છે. કિન્તુ અતિ દુર્લભતો સાચા સંતનો સમાગમ પ્રાપ્ત થવો એ જ છે. ચંદ્ર તો પૂનમના શીતળતા બક્ષે છે. કિન્તુ સાચા સંત નિત્ય શીતળતા બક્ષે છે. તેઓની સમક્ષ બેસવાથી પણ હૃદયમાંથી ઠંડા ઠંડા શાંતિના શેરડા ઉત્પન્ન થાય છે. જીવને અખંડ શાંતિનો અનુભવ થયા વિના રહેતો નથી.

આપણે ક્યારેય એવો વિચાર કર્યો છે કે જે સંતને ભગવાન પ્રાપ્ત થયા છે તે, ભગવાનના સુખમાંથી સમય પ્રાપ્ત કરી આપણા માટે સમય શા માટે ફાળવે ? તેઓશ્રીને તો અખૂટ તપશ્ચર્યા બાદ ભગવાનનો સાક્ષાત્કાર થયો છે. તો શા માટે આપણને ઉપદેશો આપી પોતાનો સમય વ્યતિત કરે ?

સાચા સંતનું હૃદય પુષ્પથી પણ કોમળ હોય છે. તેઓના હૃદયમાં પોતાના શિષ્યો માટે, સેવકો માટે, ભક્તો માટે, આગંતુકો માટે, મોક્ષ ઈચ્છુકો માટે માતાના જેટલી મમતા ભરેલી હોય છે. પ્રત્યેક જીવને તેઓ ભગવાનના બાળકો માને છે. જીવોને મોક્ષભાગી બનાવવા એ પોતાની ફરજ સમજે છે. સમગ્ર જન સમાજ કે સમાજ ની સુધારણા પણ સંતજનોને આભારી છે.

"સરવર, તરૂવર, સંતજન ચોથા વરસે મેહ,
પરમારથ કે કારણે ચારોં ધરિયો દેહ."


સરોવરો, વૃક્ષો, સંતો અને વરસાદ નિત્ય પરોપકારી છે. પરમાર્થ કરવા માટે જ ભગવાને તેઓનું પ્રયોજન કર્યું છે. ભગવાનને ભજવામાં મનુષ્યને જે કંઈ આર્થિક, સામાજીક કે આરોગ્ય વિષયક અવરોધો આવતા હોય છે તે તમામ અવરોધો સંતવર્ય ભગવાનને પ્રાર્થના કરીને દૂર કરી શકે છે. વકીલની દલીલો ન્યાયાધીશ સાંભળી ને અમુક સમય બાદ ચૂકાદો આપે છે. પરંતુ સંતજન, ભક્તજન અર્થે ભગવાનને જે કંઈ પ્રાર્થના કરે છે તે

(અનુસંધાન પાના નં. ૨૮)

સત્સંગ સુરભિ

વાહ આ પર્વત ખરો !

– અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા



ગામ અગતરાઈના પર્વતભાઈને શ્રીજીમહારાજ પર અપાર શ્રધ્ધા. બધું મહારાજનું જ છે અને પોતે તો માત્ર એમના ચાકર છે એવો એમનો ભાવ. મહારાજ પણ એમના આવા ભાવને બરાબર સમજે. એટલે કોઈ કોઈ વખત તેઓ પોતાના કાઠી હરિભક્તો આગળ પર્વતભાઈનાં વખાણ કરતા. કાઠી દરબારો તો ડાયરાના જીવ એટલે પોતાના વખાણ થાય તો રાજી, બાકી મહારાજ વારંવાર એક ગામડિયા ખેડૂબીના વખાણ કરે ત્યારે તેમને વિશ્વાસ બેસે નહિ. તેમને એ વધારે પડતું લાગે. મહારાજને મોંઢે એવું પણ કહે : "ઓહોહો ! એવા હરિભક્તનાં તો સામે ચાલીને દર્શન કરવા જવું જોઈએ."

મહારાજ કાઠી દરબારોનો ઈર્ષ્યા સહિત નો મનનો ભાવ બરાબર સમજે. એટલે એમણે આ કાઠીઓને એકવાર પર્વતભાઈને ત્યાં લઈ જવાનું નક્કી કર્યું. એમણે કહ્યું : "આ વખતે જૂનાગઢ જતાં આપણે અગતરાઈ જઈશું."

કાઠી દરબારો મનમાં મલકાયા. "ચાલો જોયા જેવી થશે !"

મહારાજ કાઠી દરબારોનો સંઘ લઈ અગતરાઈ પહોંચ્યા. મહારાજને અને હરિભક્તોને જોઈ પર્વતભાઈ તો હરખઘેલા થઈ ગયા. ઢોલિયો ઢાળી મહારાજને પધરાવ્યા. ને પછી દંડવત કરી એમના ચરણારવિંદમાં બેસી ગયા. બેઠા બેઠા મહારાજનું મુખારવિંદ નીરખ્યા કરે અને ધીરે ધીરે ચરણ પર હાથ ફેરવ્યા કરે, જાણે બીજું કશું કામ જ નથી !

કાઠી દરબારો ઘોડાં લઈને આવેલા. ઘોડાને તો ઠીક પડ્યું ત્યાં બાંધ્યા, પણ એમના માટે ખડ-ચંદીનું શું ? પર્વતભાઈ તો ક્યાંય દેખાતા નહોતા. પૂછવું કોને ? એટલે એ બધા મહારાજની પાસે ફરિયાદ કરવા આવ્યા. તો ત્યાં એમના ચરણમાં પર્વતભાઈને બેઠેલા જોયા.

બધા એકદમ બોલી ઉઠ્યા : "મહારાજ, ઓ ઘોડાની ખડ-ચંદીનું શું ?" મહારાજે પર્વતભાઈની સામે જોયું.

પર્વતભાઈ બે હાથ જોડી કહે : "મહારાજ, ઘરનો ધણી આવે પછી ચાકરને ચિંતા ખરી ? પણે બાજરાની કોઠીઓ ભરી છે. આ બાજુ ખડ ભર્યું છે. ધણી ચાહે તે કરે !"

મહારાજ મંદ મંદ હસ્યા. કાઠી દરબારોને કહે : "લ્યો જુઓ, આણે તો અમને જ ઘરધણી ઠરાવ્યા ! એટલે હવે અમારે તમારી ફિકર કરવાની !"

પર્વતભાઈએ તો બધું ઘર જ ખુલ્લું મૂકી દીધું. જેને જે જોઈએ તે લઈ લે.

કાઠીઓ એ તો કોઠીના સાણાં જ કાઢી નાખ્યાં. અનાજનો જાણે ધોધ છૂટ્યો ! ઘોડાંના તોબરા ઠસોઠસ ભરી ભરીને કાઠીઓ એ ચડાવ્યા, ને ખડ ખેંચી ખેંચીને બહાર ખડના ગંજેગંજ કરી દીધા. કહે : વાપરો, ''કોના બાપની દિવાળી !''

મહારાજ ચૂપચાપ આ બધું જોતા હતા. તેઓ પામી ગયા કે કાઠીઓ આજે પર્વતભાઈનું નીચા જોણું કરવા માટે મંડ્યા છે. એમણે હળવેથી



કાઠીઓને ટપાર્યા : ''ઘેર આવું કરો છો ?''

તે વખતે તો બધા ઢીલા પડ્યા. પણ તેમનાં મનની ચળ હજુ શમી નહોતી, મનમાંને મનમાં ધૂંધવાયા કરે. - ''આ પર્વતભાઈ એવા તે કેવા મોટા થઈ ગયા કે મહારાજ એમનું ઉપરાણું લે છે ? ઘેર અતિથિ આવે ત્યારે યજમાને કેવી દોડાદોડ કરવી જોઈએ ? એમની સરભરામાં કેવા ખડા પગે રહેવું જોઈએ ? પણઆ તો કંઈ જ નહિ, અને તોય મહારાજ પાછા એમનો બચાવ કરે છે !''

મહારાજ કહે : ''ચાલો પર્વતભાઈ, આજે કાઠી હરિભક્તો ને ખાંતે કરીને જમાડીએ !'' પર્વતભાઈ કહે : ''કોઈ વાતે કસર ન રાખશો મહારાજ !''

રસોઈ તૈયાર થઈ. સૌ પ્રથમ મહારાજને જમાડ્યા. પછી કાઠી દરબારો જમવા બિરાજ્યા. મહારાજ ઘીની વાઢી લઈને પીરસવા નીકળ્યા. પર્વતભાઈએ કહ્યું : ''ઘીની ધાર, પાછી ખેંચો તો મારા સમ છે મહારાજ !''

આ બાજુ કાઠીઓએ પણ મનોમન નિશ્ચય કરેલો કે ગમે એટલું ઘી પીરસે પણ ના તો કહેવી જ નથી ! જોઈએ મહારાજ શું કરે છે ? આ તો હવે એમનું જ ઘર છે ને ?''

મહારાજ ઘી ની વાઢી લઈને નીકળ્યા. સુરાખાચરના તાંસળામાં ઘીની ધાર કરી. તાંસળું છલકાઈ ગયું ! સુરા ખાચરને નહોતું બોલવું તોય હાં હાં થઈ ગયું ! પણ મહારાજે તો ઘીની ધાર પાછી ખેંચી જ નહીં. ધાર અખંડ ચાલુ રાખીને તેમણે બીજા કાઠીના તાંસળામાં ઘી પીરસવા માંડ્યું એ જ રીતે ત્રીજા, પછી ચોથા. રસ્તામાં ઘી ઢોળાય તો ભલે ઢોળાય, પણ પર્વતભાઈના સોગન કેમ ખોટા થવા દેવાય ? પર્વતભાઈ તો મહારાજની આ લીલા જોઈ એવા ખુશ થયા કે હરખપદૂડા થઈને ફેરફુદડી ફરવા લાગ્યા, નાચે, કૂદે ને ગાય : ''વાહ, મારા વહાલીડા ! વાહ ! શી તારી લીલા છે ? આવી લીલા ક્યારેય નહોતી ભાળી !''

પર્વતભાઈનો આવો હરખભાવ



નિહાળી કાઠી દરબારોનાં મનની ગાંઠ ફટાક દઈને ઉકલી ગઈ ! બધાય રાજીના રેડ થઈ ગયા : બધા એંકી સાથે બોલી ઉઠ્યા : વાહ મહારાજ ! આ પર્વત ખરો ! આ પર્વત આગળ બીજા બધા પર્વત પાણી ભરે ! બીજા પર્વત ચલાયમાન થાય, પણ આ પર્વત કદી ન થાય !''

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિએ એ દિ, નાની શી વાઢીમાંથી ધીની એવી તો ધાર છૂટી મેલી કે સમગ્ર બ્રહ્માંડમાં એ ઘીની સોડમ રેલાઈ ઉઠી ! અને એ સોડમથી કાઠી હરિભક્તોના હૈયામાં પર્વતભાઈ પ્રત્યેની ઈર્ષ્યાની ગાંઠ સદાય ને માટે છૂટી ગઈ. હવે એમને ખાતરી થઈ ગઈ કે મહારાજ પર્વતભાઈના વખાણ કરે છે તે બિલકુલ વ્યાજબી છે.

પર્વતભાઈના ઘરમાં સર્વાધાર શ્રીહરિની આ લીલાથી સર્વે કાઠી હરિભક્તો, સર્વાવતારી શ્રીહરિ તથા મોટેરા પર્વતભાઈના સ્વામી સેવક ભાવને મનોમન વંદી રહ્યાં.

મેરું તો ડગે પણ આ પર્વત ખરો! કોઈ કાળે ન ડગે !

રાજસ્થાનના ઉદેપુર જીલ્લાના આશીર્વાદ સમાન ધરિયાવદ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ જગતમાં પ્રવર્તાવેલ સર્વજીવ હિતાવહઃ સિદ્ધાંત અને જીવના કલ્યાણનો પ્રવાહ અવિરત ચાલુ રહે તે માટે સ્વસ્વરૂપના અનુગામી તરીકે (૧) દેવ મંદિર (૨) શાસ્ત્ર અને (૩) ધર્મવંશી આચાર્યની સ્થાપના કરીને પોતે મનુષ્ય દેહનો ત્યાગ કરી અનુગામીના સ્વરૂપે સ્વસંકલ્પની પૂર્તિ કરી રહ્યા છે. શ્રીહરિ પોતાના સમકાલિન નવ મંદિરોના નિર્માણ કરાવી શ્રી નરનારાયણદેવ અમદાવાદ, શ્રી લક્ષ્મીનારાયણદેવ વડતાલ આદિ સ્વરૂપોની સ્થાપના કરી. ત્યાર પછી એકસો જેટલા શિખર બધ્ધ મંદિરો અને ચાર હજાર જેટલાં હરિ મંદિરોના નિર્માણ થયા.

સંપ્રદાયનો વિકાસ મુખ્યત્વે ગુજરાત અને ગુજરાતીઓ પુરતો સિમિત રહેલ. અપવાદ રૂપે નિમાડ MP ખાનદેશ, મહારાષ્ટ્ર, ભિનમાલ, શિરોહી, ડુંગરપુર, રાજસ્થાનમાં નંદ સંતોના સમકાલિન સત્સંગ થયેલો. ત્યાર બાદ ગુજરાત સિવાયના રાજ્યોમાં બહુ વિકાસ થયો નહોતો.

અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ ધર્મમાર્તન્ડ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ જેતલપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી ના સંત મંડળને રાજસ્થાનના સામાજિક રીતે અતિ પછાત વિસ્તાર ધરિયાવદ (જી. ઉદયપુર)ના વિસ્તારમાં સત્સંગ પ્રચારની જવાબદારી સોંપી અને શાસ્ત્રી ઈશ્વરજીવનદાસજીને પ્રચાર-પ્રસાર કાર્ય સોંપવામાં આવ્યું. સાળંગપુરના કષ્ટભંજનદેવના યોગદ્વારા ધરિયાવદના પ.ભ. અર્જુનસિંહ પવારને સત્સંગ થયેલ હતો. તેઓના માધ્યમથી સંતોએ કથાવાર્તા સભાઓ દ્વારા દશ સત્સંગીઓ નિષ્ઠાવાન તૈયાર કર્યા. નવા સત્સંગીઓને સત્સંગની પિપાસાની પૂર્તિ કરવા મંદિર બનાવવા સૌએ સંકલ્પ કર્યો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદ મંદિર તરફથી તત્કાલિન સક્રિય કમિટિના ઉદાર દિર્ઘ દ્રષ્ટિવાળા કમિટીના સભ્યો પ.ભ. નટવરભાઈ સોમાભાઈ પટેલ, પટેલ લાલભાઈ શંકરભાઈ, પટેલ મણીલાલ ધરમશીભાઈ, ચૌધરી અમૃતભાઈ લવજીભાઈ અને પટેલ લક્ષ્મણભાઈ જોઈતારામ આદિ સભ્યોએ અંગત રસ લઈને ૧॥ એકર જમીન માત્ર બે લાખની કિંમતે સંપાદિત કરી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આ વિભાગનું કેન્દ્ર સ્થાન બનાવવા પાંચ શિખરના પથ્થરનું શિલ્પ સ્થાપત્યનું ભવ્ય મંદિર બનાવવા મહંત ઈશ્વરજીવનદાસજીને આજ્ઞા કરી અને ખૂબજ ટુંકા સમયમાં તા. ૨૪-૫-૨૦૦૨ના રોજ ધામધુમથી શિલાન્યાસ વિધિ સંપન્ન થઈ.

સત્સંગ પ્રચાર-ફંડફાળા ઉઘરાવવો તથા મંદિરનું બાંધકામ આ ત્રણેય કાર્ય એક સાથે શરૂ થતાં ભગવાન સ્વયં આ શુભ કાર્યમાં ભળેલા હોઈ સરળતાથી કાર્યમાં પ્રગતિ થતી રહી અને માત્ર બે વર્ષના ટૂંકા સમયગાળામાં સેંકડો નવા સત્સંગીઓ તેમજ જરૂરી ફંડ તેમજ મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું. સાથે સાથે ભોજનાલય, કાર્યાલય, સંતનિવાસ વિગેરે જરૂરી બાંધકામ પણ પૂર્ણ થતા મૂર્તિ પ્રતિષ્ઠાનું તા. ૨૦-૨-૦૫ના મૂહુર્ત નક્કી થયું. મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તડામાર તૈયારી શરૂ થઈ. ધરિયાવદ ગામ તેમજ આજુબાજુના ગામોના હરિભક્તો ધર્મ-પ્રેમી જનતા મહોત્સવની તૈયારીમાં તન, મન, ધનથી જોડાઈ ગયા.

તા. ૧૪ ફેબ્રુઆરીના મંગળ પ્રભાતે શ્રીમદ્ ભાગવત પારાયણની પોથીયાત્રા દરબારગઢ થી નીકળી તેમાં પાંચસો હરિભક્તો જોડાયા. કથાના વક્તા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીએ (પી.પી. સ્વામી જેતલપુર) રાજસ્થાનની ધાર્મિક જનતાને હિન્દી ભાષામાં કથા કરીને સૌને સુંદર લાભ આપ્યો. ધરિયાવદ અને આજુબાજુના સત્સંગના સંબંધમાં આવેલ પાંચ હજાર ઉપરાંત હરિભક્તો શ્રોતાઓ કથા સાંભળવા નિત્યે

આવતા. જેમાં ઉત્તરોત્તર સંખ્યા વધતી જતી રહી. આ પ્રસંગે સાત દિવસ દરમિયાન અખિલ ભારતીય વિરાટ કવિ સંમેલન, મહિલા સંમેલન, કીર્તન, ભક્તિ આદિ કાર્યક્રમો થયા. તેમજ ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગ સંપન્ન થયો. તા. ૧૯-૨-૦૫ના રોજ ધરિયાવદ પ્રસંગે પધારતા પહેલા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આપણા ડુંગરપુર મંદિરે પધાર્યા. છેલ્લા એકસો વર્ષમાં ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી સૌ પ્રથમ વાર ડુંગરપુર પધાર્યા. અત્રે સોમપુરાઓને નંદ સંતોએ સત્સંગ કરાવેલ. શ્રી નરનારાયણદેવ આદિ મૂર્તિઓ બનાવવા માટે અત્રે અવાર નવાર રહેતા નંદ સંતો દ્વારા ૮૫ શિલ્પી પરિવારો ત્યારે સત્સંગી થયેલા. અહીં માણેક ચોક વિસ્તારમાં આપણું સ્વામિનારાયણ મંદિર આવેલું છે.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ડુંગરપુર થી આસપુર થાળ જમાડીને સાંજે ૪ વાગે ધરિયાવદ આગમન કર્યું. પચીસ હજારની વિશાળ જનમેદની દ્વારા, ભવ્ય, ઐતિહાસિક નગર યાત્રા નીકળી હતી. રસ્તાની બન્ને બાજુ હરિભક્તો ફુલહાર લઈને સ્વાગત માટે પ્રતિક્ષા કરતા અને ભગવાન સ્વામિનારાયણ અને આચાર્ય મહારાજશ્રીનો જય-જયકાર કરતા હતા. ક્ષત્રિય ભક્તોએ ૨૨ બંદુકની સલામીથી પૂ. મહારાજશ્રીનું સ્વાગત કર્યું. હથીયારધારી ક્ષત્રિયો પૂ. મહારાજશ્રીની આજુબાજુ વિંટળાયેલા જોઈને શ્રીજી મહારાજના સમયના કાઠી પાર્ષદોના દર્શન તાદૃશ થતા હતા.

તા. ૨૦-૨-૨૦૦૫ના સવારે ૭-૦૦ કલાકે મધ્ય મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ સહિત રાધાકૃષ્ણદેવ, જમણી બાજુ શ્રી નરનારાયણદેવ તથા સુખ સૈયા તથા શિવ પરિવાર ગણપતિ, હનુમાનજી આદિ દેવોની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ મહાભિષેક આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સ્વહસ્તે કરી. મહાવિષ્ણુયાગની સમાપ્તિની આરતી અન્નકૂટ દર્શન આરતી કરી. સવારે ૯-૦૦ કલાકે સભાનો પ્રારંભ થયો. જેમાં ૧૫ હજાર ભાવિકો લાભ લેવા ઉપસ્થિત હતા. જેમાં ઉદેપુર જિલ્લા અને રાજસ્થાન સરકારના મહાનુભાવો તથા દૈનિક ભાસ્કર ગ્રુપના ચેરમેન શ્રી રમેશભાઈ અગ્રવાલ ભોપાલથી ચાર્ટર્ડ પ્લેન દ્વારા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેઓના હસ્તે મંદિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. એકસો પચાસ જેટલા સંતો, પાંચસોથી વધુ ગુજરાતથી હરિભક્તો આ પ્રસંગે પધાર્યા હતા. રાજસ્થાનના હરિભક્તોની સત્સંગમાં અનન્ય નિષ્ઠા જોઈને પરંપરાના આપણા સત્સંગીઓને પણ જેમને દંડવત કરવાનું મન થાય તેવો ટૂંકા ગાળાનો પણ પરિપક્વ સત્સંગ જોઈને સૌનું અભિમાન ઉતરી ગયું.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વચન આપીને નવા હરિભક્તોની પ્રસંશા કરી હતી. સત્સંગ કરાવે કથા-વાર્તા કરે એવા સંતો અમને ખૂબ જ ગમે છે. એમ પ.પૂ. મહારાજશ્રીએ કહ્યું હતું. આ પ્રસંગની અખબારોમાં ખૂબજ પ્રચાર પ્રસિધ્ધિ થઈ હોવાથી આજુ-બાજુના ૧૦૦ કિલોમીટરમાં વસતા આદિવાસીઓ પણ મંદિરમાં દર્શન કરવા ઉમટ્યા હતા. પોતાના વિસ્તારમાં ભવ્ય મંદિર જોઈને આશ્ચર્ય થયું હતું. અને સંતો અને મહારાજશ્રીના પેટ ભરીને ગુણગાતા હતા. ઉદયપુર જીલ્લાનું આશીર્વાદ સમાન નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ભગવાન સ્વામિનારાયણના શરણે હજારો ભક્તો ઉમટી પડ્યા હતા. એકને સત્સંગી કરવાથી બ્રહ્માંડ તાર્યાનું ફળ મળે તો અહીં હજારોની સંખ્યામાં નવા સત્સંગી થયા હતા. મંદિરનું નિર્માણ અને મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના આયોજક મહંત શાસ્ત્રી ઈશ્વરજીવનદાસ તથા સહયોગી સંતોનું તેમજ દાતાઓનું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ભાવપૂર્વક સન્માન કરી રૂડા આશીર્વાદ આપ્યા. આ સમયે ધરિયાવદના પ્રતિષ્ઠિત નવા હરિભક્ત રાજેન્દ્રભાઈ ટ્રેલર તરફથી આગામી પ્રથમ પાટોત્સવ ઉજવવાની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે જેતલપુર, કાલુપુર, કાંકરીયા, નારાયણઘાટ, છપૈયા, નાથદ્વારા, જયપુર, અલ્હાબાદ, મથુરા, મૂળી, ધ્રાંગધ્રા, ધોળકા વિગેરે ધામોથી સેવામાં સંતો પધાર્યા હતા.

સાધુ કૃષ્ણપ્રકાશદાસ (કે.પી. સ્વામી) મહંત શ્રી જેતલપુર.

સત્સંગ બાલવાટિકા
સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

મોક્ષની ચાવી ભૂલશો નહી

– શાસ્ત્રી હરિ સ્વામી (ગાંધીનગર)

વ્હાલા મિત્રો.....

આ વાત બરાબર ધ્યાનથી સાંભળજો.

એક વિદ્યાર્થી પરીક્ષા આપવા ગયો. થોડો મોડો પડેલો તેથી ઉતાવળમાં હતો. પરીક્ષા ખંડમાં તો પહોંચી ગયો. પરંતુ એકદમ ગભરાયો અને રડવા લાગ્યો. ત્યારે બાજુમાં બેઠેલા વિદ્યાર્થીએ પૂછ્યું, કેમ રડે છે? ત્યારે આ વિદ્યાર્થી બોલ્યો કે મારી પેન ભૂલાઈ ગઈ છે. હું લખીશ કેવી રીતે ! ત્યારે બાજુના વિદ્યાર્થીએ જોયું તો એના શર્ટમાં પેન ભરાવેલી હતી. ત્યારે બતાવીને કહ્યું કે આ પેન છે તો ખરી. એ જોઈને આ વિદ્યાર્થી ખુશ થઈ ગયો.

મિત્રો ! આ વાત પરથી શું સમજ્યા? આ વિદ્યાર્થી પાસે જ પેન હતી, શર્ટમાં ભરાવેલી હતી. છતાં ભૂલી ગયેલો અને દુઃખી થયો. એમ આત્યંતિક મોક્ષની ચાવી સ્વામિનારાયણ ભગવાને આપણને આપી તે જો ભૂલી જઈએ તો દુઃખી થવાનો વારો આવે. આપણા સંપ્રદાયનો મોક્ષદાયી ઈતિહાસ આપણને પ્રાપ્ત થયેલો છે. તે ભૂલાઈ નથી ગયો ને ! કયો ઈતિહાસ હશે ! તો સાંભળો.

"જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ"

આજથી એકસો એક્યાસી વર્ષ પહેલાં સંતોએ જોરશોરથી એવી જાહેરાત કરેલી પણ મોક્ષ કાંઈ માગ્યા મળતાં હશે ? હા જરૂર મળે છે.



રામરાજ્યમાં જેમ માગ્યા મેહુલા વરસતા તેમ સહજાનંદ સ્વામીના આશ્રયમાં માગ્યા મોક્ષ મળે છે. શરત એટલી કે એ માંગણી નિર્દંભ હૃદયની હોવી જોઈએ.

પરમ અવતારી પતિત પાવન શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે પ્રવર્તાવેલા આ મોક્ષ સદાવ્રતને કાયમી સ્વરૂપ આપવાની ઈચ્છા કરી. અને એ માટે ગરવી ગૂર્જરા ભૂમિની પાટનગરી અમદાવાદની પસંદગી સૌ પ્રથમ કરી.

આનંદસ્વામીને અમદાવાદ મોકલીને ત્રણ શિખરનું સુરમ્ય, મનોહર મહામંદિર તૈયાર કરાવ્યું. અને વિક્રમ સંવત ૧૮૭૮ ફાગણ સુદી-૩ ના દિવસે સવારે સ્વહસ્તે ત્રણે શિખરોમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. મધ્યમંદિરમાં શ્રી નરનારાયણદેવ, પૂર્વદિશાના મંદિરમાં શ્રી રાધાકૃષ્ણ દેવ અને પશ્ચિમ બાજુના મંદિરમાં ધર્મ-ભક્તિ સહ સ્વસ્વરૂપની સંસ્થાપના કરી.

આ વખતે થયેલો મહામહોત્સવ, જય જયકાર, લાખોની જનમેદની, ભવ્ય યજ્ઞ, ચોરાશી (બ્રહ્મભોજન) આ બધું જ સર્વોપરિ હતું. અદ્વિતીય, હતું. શ્રી નરનારાયણદેવનો મહિમા તથા એ બધા પ્રસંગોનું વર્ણન શતાનંદસ્વામીએ સત્સંગિજીવનના ચોથા પ્રકરણમાં ૨૫ થી ૪૨ અધ્યાયોમાં વિસ્તારથી વર્ણવ્યું છે.

વિચાર કરો, એ વખતે સંતો અને હરિ-ભક્તોના હૃદયમાં કેટલો આનંદ ઉભરાતો હશે ! સંપ્રદાયનું સર્વ પ્રથમ મંદિર અસ્તિત્વમાં આવ્યું. ગુજરાતભરમાં સ્વામિનારાયણ નામનો વિજય ડંકો વાગ્યો આપણા માટે ફાગણ સુદ ત્રીજનો દિવસ ઐતિહાસિક દિવસ છે. મોક્ષ સદાવ્રતને સદાય ચાલુ રાખવા માટે અમદાવાદમાં પહેલા જ પાયા નંખાયા. અને સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય યશોગાથા ગાતી વિજયધ્વજાઓ આકાશમાં લહેરાવા લાગી.

એ ધન્ય દિવસની સ્મૃતિ જાળવવા માટેનો ઉત્સવ એટલે કે પાટોત્સવ. શાંતિ અને સત્વગુણનો રંગ શ્વેત હોય છે. જીવનનો સાર શાંતિ અને સાત્વિકતામાં છે. હૃદયની પવિત્ર

ઉર્મિઓ લઈને પ્રભુ પાસે જવું જોઈએ. તેના પ્રતિક તરીકે પાટોત્સવના દિવસે દૂધથી અભિષેક કરાય છે.

જે રીતે શ્રીજી મહારાજે સ્વહસ્તે ત્રણે મંદિરમાં મૂર્તિઓ પધરાવી આરતી ઉતારી હતી તે જ પ્રમાણે આજે પણ શ્રીજી પદ સમલંકૃત પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી સ્વહસ્તે દુગ્ધાભિષેક કરીને આરતી ઉતારે છે. આ સુધન્ય દિવસનાં દર્શન કરવા તથા સેવા કરવા જે આવે છે તેને આત્યંતિક કલ્યાણનું અભય વરદાન શ્રીહરિએ આપેલું છે.

કોઈપણ સુભાગી પુરૂષ શ્રીનરનારાયણ દેવનો પાટોત્સવ કરાવે છે. તેને શાસ્ત્રોમાં કહેલા તમામ શુભ યજ્ઞોનું ફળ મળે છે. અને આ લોકમાં ધર્મ, અર્થ,કામ તથા પરલોકમાં મોક્ષ પામે છે. અહીં આવીને જે મોક્ષ માગે તેને તર્ત જ મળે છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે "નહી ઉધારની વાત". પ્રેમાનંદ સ્વામીએ એટલે જ જાહેરાત કરી છે કે "જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ".

આવી રીતે મોક્ષ સદાવ્રતની શરૂઆત અમદાવાદથી થઈ. દિગદિગંતમાં સ્વામિનારાયણ ભગવાનનો જય જયકાર થયો. એવો સર્વોત્તમ દિવસ ફાગણસુદ-૩ (ત્રીજ) ખરેખર આપણા માટે જ નહીં પણ તમામ મુમુક્ષુ અને ધર્મપ્રેમી જનતા માટે પણ ફાગણસુદ-૩ (ત્રીજ) નો દિવસ ઐતિહાસિક દિવસ છે. આપણે તેનું ખરૂં મહત્વ સમજીને સાચા ભાવથી, સહૃદયથી શ્રી નરનારાયણદેવની પ્રાર્થના કરીને આ ઉત્સવ ઉજવીએ અને સુખી થઈએ.

મિત્રો ! ખ્યાલ આવ્યોને ! કયા મોક્ષદાયી ઈતિહાસની વાત હતી તે જાણી લીધું ને ! તો પછી જો જો હો પેલા વિદ્યાર્થી જેવું ન થાય. જો કોઈ ધ્યાન દોરનાર મલી જાય તો વાંધો ન આવે. નહીંતર આપણી પાસે જ અદ્‌ભૂત પ્રાપ્તિ હોય અને આપણે પરેશાન થઈએ.



વિચારજો જરા

(પાના નં. ૨૧નું ચાલુ)

વિદેશ પ્રવાસો, પધરામણીઓ કરાવીને પોતાને જે થાક લાગે છે તેની ચિંતા કર્યા વગર, પૂરતી ઊંઘ પણ કર્યા વગર અને પોતાના શરીરની તંદુરસ્તીની ચિંતા કર્યા વગર તેઓશ્રી સત્સંગ માટે ગમે તે શુભ કાર્યો કરવા તત્પર હાજર થઈ જાય છે.....શ્રીજી મહારાજે કહ્યું છે કે "અમે ધર્મવંશી આચાર્યમાં સદાય અખંડ વાસ કરીને રહીએ છીએ."

બસ, આપણે હવે એવા દિવસોનું નિર્માણ ન કરીએ કે જેથી આવા મોટાપુરુષ જે હેતુ માટે આવ્યા હોય, જે એમને અંતરના અભિપ્રાય જણાવવા હોય તે, આપણા સંકલ્પીને દેહાભિમાને યુકત્ અવળચંડા સ્વભાવોએ કરી, આપણને કહી ન શકે. ચાલો આપણે આવા મોટા પુરુષની સાથે આગવી પ્રિતી કરતા શીખીએ. જે એમના મનની વાત આપણને ગમે તેમ વિના સંકોચે કહી શકે.

ભગવાન પેઠે ભજવા

(પાના નં. ૨૨નું ચાલુ)

પ્રાર્થના ભગવાન વ્યવસ્થિત સાંભળી અને ક્ષણભરમાં જ પ્રાર્થનાનો સ્વીકાર કરે છે. અર્થાત્ ભકતની પીડા સંતવર્યની પ્રાર્થના થકી ક્ષણભરમાં નષ્ટ નાબૂદ થઇ જવા પામે છે.

આ બાબતને સંતવર્યનું આધ્યાત્મિક ઐશ્વર્ય, આધ્યાત્મિક શક્તિ કે બળ, ભગવાન સાથેનું એકાત્મપણું કે તાદાત્મ્યપણું સમજવામાં આવે છે. સંતજનને આપેલ શક્તિઓ વિષે શ્રીજી મહારાજે સ્વયં સ્પષ્ટતા કરી છે કે

"જેટલું રાજાનું ચાલે છે તેટલું જ રાણીનું ચાલે" અર્થાત્ જે કાર્ય શ્રીહરિ સ્વયં પૂર્ણ કરે છે. તેવું કાર્ય ભગવાનને અખંડધારી રહેલા સંતવર્ય કરી શકે છે.

ગઢડાના અંત્ય પ્રકરણના -૨૬- મા વચનામૃતમાં શ્રીહરિએ વર્ણવ્યું છે કે, "જેઓ ભગવાન સંબંધી જ તમામ ક્રિયાઓ કરતા હોય, જેમના પંચ વર્તમાન દૃઢ હોય, તેમને મનુષ્ય જેવા પણ ન જાણવા, દેવ જેવા પણ ન જાણવા. તેવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવવા યોગ્ય છે. જેને કલ્યાણનો ખપ હોય તેમણે આવા સંતની સેવા કરવી." સંત સમાગમ કરવો કે ન કરવો તે નિર્ણય આપણે કરવાનો છે. ક્ષણના વિલંબ વિના સંતસમાગમ કરવાથી જીવ કૃતાર્થ થઈ જશે. જન્માંતર પર પૂર્ણ વિરામ મૂકાઈ જશે.

સત્સંગ સમાચાર

એપ્રોચ (બાપુનગર) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધુમથી ઉજવાયો

અમદાવાદ પૂર્વ વિસ્તાર બાપુગરમાં સૌરાષ્ટ્રમાંથી આવીને ઘણા હરિભક્તો વસ્યાં છે અને અનેક નવા સત્સંગીઓ બન્યાં છે. ઘણા વર્ષો પહેલા આપણા મોટા આચાર્ય મહારાજશ્રી પ.પૂ. શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સંકલ્પ કરેલ કે આ વિસ્તારમાં એક સુંદર શિખરબધ્ધ મંદિરનું નિર્માણ થાય તો સત્સંગને નિરંતર પોષણ મળ્યા કરે. પૂર્વ વિસ્તારના તમામ નાના મોટા હરિભક્તોએ આપણા પ.પૂ. મોટા મહારાજશ્રીના આ સંકલ્પને સાકાર કરવા તન, મન, ધનથી સેવા કરી તેના ફલસ્વરૂપ એક સુંદર નવ્ય ભવ્ય શિખરબધ્ધ મંદિર નિર્માણ પામ્યું. જેનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૦-૨-૨૦૦૫ થી તા. ૧૬-૨-૨૦૦૫ સુધી ખૂબ ધામધુમથી સંપન્ન થયો.

તા. ૧૦-૨-૨૦૦૫ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીએ શ્રીમદ્ ભાગવત પારાયણના શુભારંભમાં દીપ પ્રાગટ્ય તથા મહોત્સવ સ્થળ પરના પ્રદર્શન વિભાગનું ઉદ્‌ઘાટન કર્યું હતું. શ્રીમદ્ ભાગવત પારાયણ જ્ઞાનયજ્ઞના વક્તાપદે કાલુપુર મંદિરના મહંત વેદાન્તાચાર્ય પ.પૂ. સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી શ્રી નિર્ગુણદાસજી સ્વામી વિરાજીને વિદ્વતાપૂર્ણ સુમધુર ભાષામાં સૌને કથામૃતનું રસપાન કરાવ્યું હતું. શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અંતર્ગત પોથીયાત્રા, કૃષ્ણ જન્મ, રૂક્ષ્મણી વિવાહ જેવા પ્રસંગો ખૂબ જ ધામધુમથી તથા ભાવથી ઉજવાયા હતા. ષષ્ઠી પૂર્તિ મહોત્સવમાં ઘનશ્યામ જન્મોત્સવ જે રીતે ઉજવાયો એ જ ઢબથી અહીં કૃષ્ણ જન્મ ઉજવાયો હતો.

તા. ૧૫-૨-૦૫ના રોજ સ્વામિનારાયણ ભગવાનની નગરયાત્રા તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રા અદ્‌ભુત હતી. જેનું મુખ્ય આકર્ષણ એ હતું કે શોભાયાત્રા પર શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્ય શ્રી કૌશલ પટેલ (પાયલોટ ટ્રેનર)ના સહયોગથી આકાશમાં વિમાન દ્વારા સતત પુષ્પવૃષ્ટિ ચાલુ રહી હતી. શોભાયાત્રામાં શણગારેલા હાથી, ઘોડા, બળદગાડા, ઉંટગાડીઓ તથા ટ્રેકટરો જોડાયા હતા. જેમાં સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે સ્થાપન કરેલા નવ મહામંદિરો તથા ધર્મવંશી આચાર્ય પરંપરાનું દર્શન કરાવવામાં આવ્યું હતું. હજારો હરિભક્તો, અસંખ્ય સંતો, કળશયુક્ત બહેનો, રાસ સાથે અસારવા ગુરુકુળના બાળકો, વ્રજેન્દ્ર મ્યુઝીક બેન્ડ સાથે શ્રીનરનારાયણદેવ યુવક મંડળના સભ્યો, ઢોલ ત્રાંસા વાંજિત્ર સાથે ધૂન, કીર્તનની રમઝટ બોલાવી હતી. જે શોભાયાત્રાનું દર્શન કરવા સમગ્ર પૂર્વ વિસ્તાર અમદાવાદની માનવમેદની રોડ પર ઉમટી પડી હતી. ઠેર ઠેર ભાવિક જનો દ્વારા પ.પૂ. મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત થયું હતું.

તા. ૧૬-૨-૨૦૦૫ના રોજ સવારના ૮-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શોડષોપચાર વિધિથી વેદ વિધિસર શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ આદિક દેવોની મૂર્તિ પ્રતિષ્ઠા સંપન્ન થઈ હતી. શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠાના યજમાન પદે પ.ભ. શ્રી રમેશભાઈ જી. કાછડીયા મહોત્સવના મુખ્ય યજમાન પદે પ.ભ. શ્રી રમેશભાઈ એ. પટેલ, મંદિરના નિર્માણ તથા ઉત્સવની સેવામાં સમર્પિત પદે પ.ભ. શ્રી ધીરુભાઈ જે સોરઠીયા અને યજ્ઞના મુખ્ય યજમાન પદે ડૉ. કનુભાઈ એસ પટેલ તથા પારાયણના મુખ્ય યજમાન પદે અ.નિ. પ.ભ. શ્રી ધીરુભાઈ કરસનભાઈ સુખડીયા પરિવારે લાભ લીધો હતો.

મહા મહિમ શ્રી નવલકિશોરજી શર્મા, મુખ્ય સચિવ શ્રી પી. કે. લહેરી, માજી મુખ્ય મંત્રી શ્રી કેશુભાઈ પટેલ, કેન્દ્રીય કાપડ મંત્રીશ્રી શંકરસિંહ વાઘેલા, પૂર્વ ગૃહ મંત્રીશ્રી ગોરધનભાઈ ઝડફીયા, સાંસદ શ્રી હરિન પાઠક, અનેક ધારાસભ્યો તથા વગેરે રાજકીય મહાનુભાવો સરકારી અધિકારીઓ આ પ્રસંગે પધાર્યા હતા.

નામાંકિત કલાકારો શ્રી નરનારાયણદેવ દેશના ગુરુકુળોના બાળકો દ્વારા નિત્ય ભજન સંધ્યા, સત્સંગ ડાયરો તથા સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે રાત્રી કાર્યક્રમો યોજાયા હતા. નિત્ય નવા પ્રસાદીરૂપે મિષ્ટાન્ન ભોજનો પીરસાયા, જેમાં ગામ ધૂમાડા બંધ જેવું વાતાવરણ સર્જાતું હતું. મંદિર નિર્માણ દરમિયાન પ.પૂ. લક્ષ્મણજીવનદાસજી સ્વામી ગુરુ શા.સ્વા. પૂ. નિર્ગુણદાસજી સ્વામીની સેવાને લક્ષમાં લઈ આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ તેઓને સદગુરુની પદવી આપી એપ્રોચ મંદિરના મહંતનો પ્રસાદીનો હાર પહેરાવ્યો હતો. તથા મંદિર નિર્માણ તેમજ મહોત્સવમાં નાના મોટા યજમાનશ્રીઓ અને સત્સંગ સમાજને રૂડા શુભ આશીર્વચનો પાઠવ્યા હતા.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

અંબાજીમાં યોજાયેલ સત્સંગ શિબિર

સ્વયં શ્રીજી મહારાજ ક્યારેક સંત હરિભક્તોની રાત્રે અથવા વહેલી સવારે સભા બોલાવતા તેજ રીતે શ્રીહરિના ૭માં વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંવત ૨૦૬૧ના પોષ વદી-૧ને રાત્રીના સમયે સાબરકાંઠાના યાત્રાધામ અંબાજી ખાતે પ.ભ. હરિકિશનભાઈની ડેલીએ દિવ્ય સભામાં સંતો અને યુવક મંડળની સભા ભરાઈને બેઠી હતી. અને પ.પૂ. મહારાજશ્રી શ્વેત વસ્ત્રો ધારણ કરી શ્રીજી મહારાજ (જેઓશ્રીના દાદા)ના વચનામૃતની સભાના તાદૃશ દર્શન કરાવતા હતા.

આદિવ્ય સભામાં પ.પૂ. મહારાજશ્રીની શુભ નિશ્રામાં મહંત સ્વામી પૂ. નિર્ગુણદાસજી, પૂ. પી.પી. સ્વામી, મહંત સ્વા. ગુરુપ્રસાદદાસજી, કોઠારી આનંદ સ્વામી, પ્રાણજીવન સ્વામી અને રાજુ સ્વામી આદિ ઘણા સંતો સભામાં ઉપસ્થિત હતા. સભા સંચાલન પ.ભ. ઉદયનભાઈ મહારાજાએ સંભાળ્યું હતું. પ.ભ. હરિકિશનભાઈએ અને તેમના પરિવારે સતત બે દિવસ માટે તેમના હિરાલક્ષ્મી સરસ્વતી સદનમાં શિબિર માટેની સુંદર વ્યવસ્થા કરી હતી. આ પરિવારે ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી દિવ્ય લાભ મેળવ્યો હતો.

સુંદર દિવ્ય સભામાં સર્વોપરિ શ્રીહરિના લીલા ચરિત્રો સાથે સત્સંગની ઘણી જવાબદારી અને દરેક પ્રશ્નોને સહજ રીતે ઉકેલ લાવીને ભગવાનના પુત્ર એવા પૂ. મહારાજશ્રીએ ઘણી ઘણી ટકોર અને આજ્ઞા-આદેશ આપી પ્રસન્ન ચિત્તે આશીર્વાદ આપ્યા હતા.

ખરેખર પૂ. મહારાજશ્રીનું રૂડું સાંનિધ્ય યુવક મંડળને તો સહજ મળે પણ અત્રેના ઘણા નવા મુમુક્ષુઓ મેળવવા કૃપા પાત્ર બન્યા અને તે ખરેખર ભાગ્ય શાળી કહેવાય. દયાળું એવા પૂ. મહારાજશ્રી પ.ભ. હરિકિશનભાઈ અને તેમના પરિવાર ઉપર અતિ રાજી થયા હતા. કોઠારી આનંદ સ્વામી આ પ્રસંગમાં પ્રેરક હતા. (રમેશભાઈ દોરડાવાળા)

મથુરા મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વસંત પંચમીના શિક્ષાપત્રી વાચન અને મહાપૂજાનો કાર્યક્રમ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત સ્વામી અખિલેશ્વરદાસની પ્રેરણાથી સંપન્ન થયેલ. મહાપૂજાના મુખ્ય યજમાન શ્રી જયસિંહ ચિત્રોડીયા હતા. મહંત સ્વામીએ સૌને સુંદર સત્સંગનું માહાત્મ્ય સમજાવ્યું હતું. આજુ બાજુના વિસ્તારના ભક્તોએ દર્શન અને પૂજાનો લાભ લીધો હતો. (પૂજારી સર્વેશ્વરદાસ)

કાંકરિયા રામબાગ મંદિર
પાટોત્સવ પ્રસંગે ચોર્યાસી

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રીજી મહારાજના દિવ્ય પ્રસાદીના તીર્થસ્થાન રામબાગ કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચૈત્ર સુદ-૧૦ તા. ૧૫-૩-૨૦૦૪ના પાટોત્સવ પ્રસંગે બ્રાહ્મણોની ચોર્યાસી સ્વયં શ્રીહરિએ સર્વોપરિ શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા પ્રસંગે સમસ્ત શહેર ચોર્યાસી કરી હતી તેના સંસ્મરણ સ્વરૂપ આ પ્રસંગ ઉજવાશે. સવારે ૯-૩૦ ઠાકોરજીને પાટોત્સવ અભિષેક અને અન્નકૂટ અને ૧૦ કલાકે પ્રાસંગિક સભા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સાંનિધ્યમાં થશે. ત્યારબાદ બ્રાહ્મણ વિપ્રોની ચોર્યાસી થશે. જેનો સૌ ભક્તજનોએ લાભ લેવો. (મહંત સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા)

અમદાવાદ સાબરમતી મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સાબરમતી શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૨૬-૧૨-૦૪ના શાકોત્સવ સુંદર રીતે ઉજવાયેલ. ધનુર્માસ ધૂન પણ ધામધુમથી ઉજવાયેલ. નાના હરિભક્તથી લઈ મોટા હરિભક્તોએ ઠાકોરજીના થાળ આખો માસ કર્યા હતા. કોટેશ્વર ગુરુકુળના સંતોની પ્રેરણાથી પ.ભ. નારણભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી) પ.ભ. લાલભાઈ પટેલ આદિ અગ્રગણ્ય હરિભક્તોના માર્ગદર્શનથી હરિભક્તોએ મોટી સંખ્યામાં ધૂન-ભજન કીર્તન આદિ લાભ લીધો હતો. સંતોએ પણ ઉપદેશાત્મક વાતો કરી હતી. (આર. ટી. પટેલ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

આનંદપુરા, મેઉ અને ગોઝારીયામાં સત્સંગ

પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઉપરોક્ત આનંદપુરા, મેઉ અને ગોઝારીયા ગામે ૨૨-૧-૨૦૦૫ અને ૨૮-૧-૨૦૦૫ના સત્સંગ સભા મહેસાણા મંદિરના મહંત સ્વામી નારાયણ સ્વામી અને મહંત શા. ઉત્તમ સ્વામી અને સંત મંડળે કરી હતી. ઘણા હરિભક્તોએ સંતો દ્વારા કથા વાર્તા અને ભજન ભક્તિનો સમાસ કર્યો હતો. (હિતેન્દ્રસિંહ)

ડાંગરવા (તળપદ) ગામે શિક્ષાપત્રી
ભાષ્ય પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અ.નિ. પ.ભ. પુરુષોત્તમદાસ રામદાસ પટેલ પરિવારના ગં.સ્વ. શાંતાબાના સંકલ્પથી તા. ૨૨-૨-૦૫ થી ૨૪-૨-૦૫ પર્યન્ત શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય પારાયણ શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. મહારાજશ્રી તા. ૨૨-૨-૦૫ના પધાર્યા હતા અને પરિવારજનો પર પ્રસન્ન થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૨૩-૨-૦૫ના બહેનોના આગ્રહ આમંત્રણથી અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રીએ પધારી બહેનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

(કોઠારીશ્રી, ડાંગરવા મંદિર)

ચલોડા (જીતબાનું) મંદિર

ધોળકા નિવાસી સર્વોપરિ શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજના ચલોડા (જીતબાનું) પ્રસાદીના આ ગામે ધોળકાના મહંત સ્વામી જગતપ્રકાશદાસજીની પ્રેરણાથી ધનુર્માસમાં આખો માસ ધૂન, કથા વાર્તા ભજન, કીર્તન ગામના સમસ્ત હરિભક્તોએ કર્યું હતું. જેતલપુરથી સંસ્કૃત પાઠશાળાના સંચાલક શા.સ્વા. હરિઓમપ્રકાશદાસજી અને વિદ્યાર્થી સંતોએ વહેલી સવારે આરતી, ધૂન અને કથાવાર્તા કરી દિવ્ય લાભ આપેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આ ગામ પર અતિ રૂડા આશીર્વાદ છે.

(જયંતીભાઈ પટેલ)

નવા વાડજ

શ્રીજી મહારાજ વખતે લોયા ધામમાં શાકોત્સવ કરેલ તેવો જ શાકોત્સવ આપણા

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ થી નારણઘાટ સ્વામિનારાયણ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી અને શાસ્ત્રી રામ સ્વામીએ શાકનો વઘાર કરી અલૌકિક, દિવ્ય, ભવ્ય શાકોત્સવ કરી સૌ હરિભકતોને દર્શનનો અમૂલ્ય લાભ આપેલ.

તા. ૧-૨-૨૦૦૫ના રોજ મુક્તાનંદ સ્વામીની જન્મજયંતીના દિવસે અત્રે મંદિરમાં તેમના જીવનપ્રસંગની કથા-વાર્તા કરી હતી. અને સત્સંગીઓએ તેમણે રચેલા કીર્તનો ગાઈ, શ્રીજી મહારાજને થાળ ધરાવી સૌને પ્રસાદી આપી છુટા પડેલ.

(પ્રતિનિધિ, શંભુભાઈ હીરજીભાઈ પટેલ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળી મંદિરમાં વસંત પંચમીનો સમૈયો ધામધુમથી ઉજવાયો

ઝાલાવાડના તીર્થોત્તમ મહાન તીર્થભૂમિ અલૌકિક શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીમાં સર્વોપરિ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના રૂડા સાંનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં વસંત પંચમીનો સમૈયો ધામધુમથી ઉજવાયો હતો.

પ્રાતઃ ૬-૩૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી રાધાકૃષ્ણદેવનો શોડષોપચાર વિધિપૂર્વક મહાભિષેક કરીને સૌ હરિભક્તોને અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે પૂ.મહંત સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી અને મહંત સ્વામી નરેન્દ્રપ્રસાદદાસજી ની પ્રેરણાથી ત્રણ દિવસની સત્સંગ શિબિર યોજવામાં આવી હતી. જેમાં મહંત શા. ઘનશ્યામપ્રકાશદાસજી (નારણઘાટ) શા. સ્વામી હરિઓમપ્રકાશદાસજી (જેતલપુરવાડી સંચાલક) અને સ્વામી વાસુદેવપ્રકાશદાસ (ધ્રાંગધ્રા) આદિ સંતોએ પોતાની વિદ્વતાથી સભાને ઉપદેશાત્મક કથારૂપી વાણીનો લાભ આપ્યો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં સુંદર સભા થઈ હતી. સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ પૂ. લાલજી મહારાજશ્રી સંત, હરિભક્તો સાથે રંગોત્સવ રમ્યા હતા. રંગના છાંટણા લઈ હરિભક્તો ખૂબજ ભાવ વિભોર બન્યા હતા. બહેનોને દર્શન સુખ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. જેથી બહેનોને ખૂબજ સુખ મળ્યું હતું.

પાટોત્સવના યજમાન પદે પ.ભ. ઘનશ્યામભાઈ નગીનદાસ સોની પરિવારે (નવસારી) લાભ લીધો હતો. કોઠારી સ્વામી જયપ્રકાશદાસજી અને સંત મંડળે સમૈયામાં સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. મૂળી દેશના શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પણ ભૂલાય તેવી ન હતી. સૌ હરિભક્તો વસંતના સમૈયાના દર્શન કરી પ્રસાદ લઈ વિદાય થયા હતા.

(પાર્ષદ ભરત ભગત)

ધ્રાંગધ્રા સંસ્કારધામ ગુરુકુળ

અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને શા.સ્વા. રામકૃષ્ણદાસજીની પ્રેરણાથી શાકોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો. સ્વામીએ સભામાં સુંદર કથાનો લાભ આપેલ. તા. ૧૬-૧-૦૫ થી ૨૨-૧-૦૫ પર્યન્ત સાંખ્યયોગી ગૌરીબાની સ્મૃતિમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા શા.સ્વા. રામકૃષ્ણદાસજીના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. બન્ને ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને પણ દિવ્ય દર્શન સુખ આપ્યું હતું. કથાનું આયોજન સાં.ગૌરીબાના શિષ્ય સાંખ્યયોગી કંચનબા અને તેમના શિષ્યોએ કર્યું હતું. આ પ્રસંગે ગામો ગામથી હરિભક્તો અને મૂળી દેશના દરેક મંદિરના સંતો પધાર્યા હતા.

(પ્રતિ. અનીલભાઈ દુધરેજીયા)

સૂર્યનગર (હળવદ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ મહાસુદ-૧૦ના દિને ૧૨ કલાકની મહામંત્ર ધૂન હળવદથી શ્રીજીસ્વરૂપ સ્વામી અને સંત મંડળે કરી હતી. જેમાં ગામના હરિભક્તોએ સુંદર લાભ લીધો હતો.

(તારબુંદીયા રમેશ હરિભાઈ)

રણજીતગઢ (હળવદ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૧-૨-૦૫ના રોજ અત્રે ઘનશ્યામનગરના શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સભા યોજી હતી. જેમાં સૌએ શ્રી નરનારાયણદેવ અને શ્રી રાધાકૃષ્ણદેવ મૂળીને વફાદાર રહીને નિયમ, નિશ્ચય અને પક્ષ રાખીને ગામોગામ સત્સંગ પ્રવૃત્તિ કરીને સૌને શ્રીહરિ સન્મુખ કરવા કટિબધ્ધ થવા હાકલ કરી હતી. (શ્રી ન.ના.દેવ યુવક મંડળ ઘનશ્યામનગર)

વિદેશ સત્સંગ સમાચાર

બુવી મેરીલેન્ડ (I.S.S.O. વોશિંગ્ટન ચેપ્ટર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ૧૫ મી જાન્યુઆરીના શનિવારે સાંજે અઢી કલાક સત્સંગ સભામાં કથા, વાર્તા, ધૂન, ભજન, નિત્ય નિયમ, આરતી નિયમનુંસાર કર્યા હતા. જેમાં હરિભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. અહીં સભા નિયમિત રૂપે થાય છે.

(કનુભાઈ પટેલ)

પૂના શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસમાં ધૂન અને અન્નકૂટોત્સવ પૂનાના હરિભક્તોએ સાથે મળીને કરેલ. ઘણા જ ભાવિક હરિભક્તો મંદિરમાં સુંદર સેવા કરીને ઉત્સવ ઉજવે છે. (જીતેન્દ્રભાઈ ડી. સોની)

રાંદેર સુરત અને પાલનપુર પાટીયા મંદિર

સુરતના રાંદેર અને પાલનપુર પાટીયા મંદિરમાં અનુક્રમે તા. ૧૦-૧-૦૫ અને તા. ૨૩-૧-૦૫ના રોજ હાલાર પ્રાન્તના હરિભક્તો અને સ્થાનિક હરિભક્તોએ સત્સંગ પ્રચાર પ્રસાર માટે શાકોત્સવ ઉજવીને આજુબાજુના ભાવિકોને સુંદર લાભ આપેલ. સંતો અને હરિભક્તોએ પ્રાસંગિક સભામાં શ્રીહરિનું મહિમા માહાત્મ્ય અને મૂળ સંપ્રદાયની વિસ્તૃત માહિતી અને ધૂન કીર્તન આદિ કરીને સૌને દિવ્ય લાભ આપેલ. (મહેશ મહેતા)

વંશપરંપરાગત સભ્યોને સૌજન્ય

બાપુનગર એપ્રોચ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી પ.ભ. પ્રવિણભાઈ ટી. પટેલ (શ્રધ્ધા કેસેટ કું.) તરફથી કુલ ૨૬ કાયમી સભ્યોને રૂા. ૧૦૦-૦૦ લેખે સૌજન્ય સેવા આપીને (રૂા. ૨૬૦૦) સુંદર પ્રેરણા પુરી પાડી છે. ધન્યવાદ પ.ભ. પ્રવિણભાઈ અને પ્રતિનિધિ પ.ભ. ગોરધનભાઈને.

આદિ આચાર્ય પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજના પ્રસાદીના બામરોલી શ્રી સ્વામિનારાયણ મંદિર (M.P.)

જી. મુરેના, પો. પરીક્ષા ખડીયાહાર ફોન નંબર (૦૭૫૩૨) ૨૪૨૨૮૫ હાલ ત્યાં દર્શને જવા માટે છેક બામરોલી મંદિર સુધી પાકો ડામર રોડ થઈ ગયો છે. જેથી વાહન વ્યવહાર લઈને ત્યાં સુખરૂપ જવાય છે. આવા પ્રસાદીના સ્થાનના દર્શન દરેક હરિભક્તોએ અવશ્ય કરવા. (મહંત સ્વામી બામરોલી)

સેટેલાઈટ વસ્ત્રાપુર કાયમી એકાદશી સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી અમદાવાદના સેટેલાઈટ, વસ્ત્રાપુર વિસ્તારમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ છેલ્લા ઘણા વરસથી દર એકાદશીના રાત્રે ૮ થી ૧૦ "સત્સંગ"નું સુંદર આયોજન કરે છે. આ વિસ્તારમાં વસતા હરિભક્તો અને ધર્મપ્રેમી ભાવિકોએ ખરેખર સત્સંગનો લાભ માણવા જેવો છે. મહિનાના આપણા ફક્ત ૪ કલાક જ સર્વોપરિ ભગવાનના ગુણગાનમાં જાય તો તેનો કેફ આખો મહિનો રહે છે.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ
(હેમંત કાછીયા) કાયમી એકાદશી
જાગરણ સ્થળ :
સાંસ્કૃતિક હોલ, શિવરંજની સોસાયટી,
૧૩૨ ફૂટ રીંગ રોડ, શેફાલી ચાર રસ્તા,
અમદાવાદ.-૧૫.

નોંધ : શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યાદી આ અંકમાં સમાવિષ્ટ થી શકી નથી. જેથી આવતા અંકે પ્રકાશીત થશે.

શ્રી ઠાકોરજીને થાળ તથા સંતોને રસોઈ ની યાદી

પોષ સુદી-૩ પ.ભ. સદગુણાબેન ઈનામદાર. **સુદી-૧૦** શા. સ્વામી ભગવતપ્રસાદદાસજી. **સુદી-૧૨** પ.ભ. ધનબાઈ કરશન, (ભૂજ-કચ્છ) દહીસરા. **સુદી-૧૩** પ.ભ. મિલનકુમાર ધનશ્યામભાઈ (યુ.એસ.એ.). બાબુભાઈ પુરષોતમદાસ (ડાંગરવાવાળા). **સુદી-૧૫** પ.ભ. રૂક્મણીબેન ગીરધરલાલ ગજજર હ. પ.ભ. વાસુદેવભાઈ ગજજર, અમદાવાદ.

પોષ વદી-૧ પ.ભ. ભરતભાઈ અરજણભાઈ ભિંધવ, વણી. **વદી-૩** પ.ભ. પ્રવિણભાઈ સોની. **વદી-૫** પ.ભ. સંજયકુમાર પ્રવેશભાઈ સોની **વદી-૭** પ.ભ. બળદેવભાઈ ગાંડાભાઈ પટેલ, (યુ.એસ.એ.). **વદી-૯** પ.ભ. હિરજીભાઈ હીરાણી (ફોટડી-કચ્છ). **વદી-૧૨** પ.ભ. બાબુભાઈ સી. પટેલ. **વદી-૧૩** પ.ભ. સવિતાબેન લક્ષ્મીચંદભાઈ ઠક્કર. પ.ભ. ગોદાવરીબેન માલજીભાઈ પટેલ (હનુમાનીયા) **વદી-૧૪** સ.ગુ. શા. સ્વા. દેવચરણદાસજી ગુરુ શા.સ્વા. નરનારાયણદાસજીની પૂણ્ય તિથિ નિમિત્તે, હ. પ્રવિણભાઈ પટેલ.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

મૂળી મંદિર : શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીના વયોવૃદ્ધ સ.ગુ. કોઠારી સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. શા.સ્વા. બાલકૃષ્ણદાસજી તા. ૩-૨-૨૦૦૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : આપણા શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળાના પ્રધાનાધ્યાપક પૂ. શ્રી વાચસ્પતિ મિશ્રાના પૂજ્ય પિતાશ્રી પારસનાથ મિશ્ર (વૈદ્યજી) દ્વારકાની યાત્રા અર્થે ઘેરથી અહીં પધાર્યા હતા. સંજોગોવસાત તા. ૧૮-૧-૨૦૦૫ના પોષ શુક્લ-૯ના પવિત્ર ઉત્તરાયણના દિવસે શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મુંબઈ (અમદાવાદ) : અ.સૌ. કોકીલાબેન આર. ચાવડા (એ.સી. ખેતાણીના પુત્રી) તા. ૨૦-૨-૨૦૦૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ગાંધીનગર : પ.ભ. વાઘેલા હરિસિંહ પોપટસિંહ (ગોધાવીવાળા) તા. ૧૬-૧-૨૦૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મોરબી : પ.ભ. ધનજીભાઈ ભોજાણીના ધર્મપત્નિ જયાબેન ભોજાણી તા. ૧૯-૧-૦૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ધરમપુર (ભરૂચ) : અ.નિ. સરોજબેન મણીભાઈ પટેલ (લંડન સ્ટ્રેધામવાળા પ.ભ. પરેશભાઈના માતુશ્રી) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા તા. ૧૬-૨-૦૫ના અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ (આંબલી બોપલ) : પ.ભ. સેંધાલાલ કરશનદાસ પટેલ (કુંડાલવાળા) તા. ૨૩-૨-૨૦૦૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.





માણેકપુર (ચૌધરી) અને મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ કરતાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



માણેકપુર (ચૌધરી) ગામે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતાં પ.ભ.ગોપાલભાઈ ગાંડાભાઈ ચૌધરી (યુ.એસ.એ.) અને પરિવારજનો



એપ્રોચ-મૂર્તિ પ્રતિષ્ઠાના મુખ્ય યજમાન પ.ભ.પ્રવિણભાઈ નરસીભાઈ (એન્જીનીયર) પટેલનું સન્માન કરી આશીર્વાદ આપતાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી





એપ્રોચ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે કથા શ્રવણ કરતાં હજારો હરિભક્તો



એપ્રોચ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે આયોજીત ભવ્યાતિભવ્ય નગર શોભાયાત્રામાં શ્રીહરિના સાતમા વંશજ પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી પર ચાર્ટર્ડ પ્લેન દ્વારા ગુલાબના પુષ્પોની વૃષ્ટિ કરવામાં આવી હતી. જેના અદ્‌ભૂત દર્શન.

REG. NO. G.A.M.C. 003





શ્રી સ્વા. મંદિર બીલીયા મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે વિષ્ણુયાગમાં શ્રીફળ હોમતાં
પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



શ્રી સ્વા.મંદિર એપ્રોચ
મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે
બાલ સ્વરૂપ ઘનશ્યામ
મહારાજની આરતી ઉતારતાં
પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી

શ્રી સ્વા.મંદિર બીલીયા (તા.સિધ્ધપુર) મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરતાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

Prafull Kharsani